
રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા - મણારનો સંયુક્ત વાર્ષિકોત્સવ

વક્તા : શ્રી જયેન્દ્રસિંહજી જાદવ




તારીખ : ૦૯, જાન્યુઆરી ૨૦૨૬     સ્થળ : આંબલા

સંયુક્ત રાષ્ટ્રસંઘના આજના પ્રશ્નોનો ઉકેલ આપણી લોકશાળાઓએ ગઈકાલે આપેલ છે.

વર્ષ: ૭૯     અંક : ૦૭     ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઝલક...



સંચાલન : શ્રી કૈલાસબહેન ઓળકિયા



આવકાર પરિચય : શ્રી અરુણભાઈ દવે



આંબલા અહેવાલ રજૂઆત :
શ્રી વાઘજીભાઈ કરમટિયા


મણાર અહેવાલ રજૂઆત :
શ્રી ડાયાભાઈ ડાંગર



આભારદર્શન :
શ્રી મેહુલભાઈ ભટ્ટ





રસતરબોળ શ્રોતાગણ

# કોડિયું

વર્ષ : ૭૯ | ફેબ્રુઆરી ૨૦૨૬ | અંક : ૦૭


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા : વાર્ષિક નિવેદન**<br>(જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫)<br>વાઘજીભાઈ કરમટિયા | ...૦૬ |
| ૦૨ | **ગ્રામદક્ષિણામૂર્તિ મણાર : વાર્ષિક નિવેદન**<br>(જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫)<br>ડાયાભાઈ ડાંગર | ...૨૨ |
| ૦૩ | **કહત ગાંધી : સુનો સબ સિટીઝન યાત્રા**<br>તુલા - સંજય | ...૩૧ |
| ૦૪ | **લોકભારતીત્વની ગાથા : આરોગ્યરક્ષક વૈદ્યરાજો**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૩૩ |
| ૦૫ | **ગાંધીજી અને ભારતની એકતા**<br>સોનલ પરીખ | ...૩૫ |
| ૦૬ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)



**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆


‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આપણે જાણીએ છીએ તેમ આપણી ચૈતન્યસભર પૃથ્વી ઉપર કરોડો પ્રકારના અબજોની સંખ્યામાં જીવો વસે છે. આ તમામ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણેનું મળી રહે તેવું વ્યવસ્થાપન-'કીડીને કણ અને હાથીને મણ' રચયિતાએ કરેલ છે. આ તમામ જીવો બે પ્રકારના છે. પ્રાકૃત જીવોમાં માણસ સિવાયના તમામ જીવોનો સમાવેશ થાય છે જ્યારે માણસ એક માત્ર એવો જીવ છે કે જે અપ્રાકૃત છે! માણસ પ્રકૃતિને આધીન રહ્યો ન હોવાથી તેને સંસ્કૃત રાખવો જરૂરી છે! અલબત્ત માણસે પ્રકૃતિ સાથેની સુસંવાદી જીવનશૈલી અપનાવવાની હતી, છતાં તેણે પોતાને કુદરતે બક્ષેલી બુદ્ધિ, સાહસવૃત્તિ, કુતૂહલવૃત્તિ, સંવેદનાઓ અને કલ્પનાશક્તિની મદદથી પોતાની એક આગવી સંસ્કૃતિ ઊભી કરી છે. ગુફામાંથી બહાર નીકળી તેણે અન્ન, વસ્ત્ર, આવાસ અને આનંદ-મનોરંજનના સાધનો વિકસાવ્યાં.
માનવજાતની પાયાની જરૂરિયાતો સંતોષાઈ એટલે તેણે સુખાકારીનાં સાધનો શોધવાં શરૂ કર્યાં, એટલે સુધી વાંધો નહોતો પણ પછીના તબક્કે ભોગવિલાસ અને ભૌતિક સુખાકારીની ગળાકાપ હરિફાઈ સાથેની આંધળી દોટે માણસને વિવેકહીન, સંવેદના અને સંસ્કારહીન બનાવી મૂક્યો. બાહ્ય કહેવાતા સુધારાને સંસ્કૃતિ માનીને અંતઃકરણને ઢંઢોળીને કરવાના માનવીય વ્યવહારને ભૂલી જઈ, માણસ વિકૃતિઓના વિનાશક વમળમાં ફસાઈ ગયો.
સમગ્ર વિશ્વની માનવજાત એક અજંપો, અભાવો, અસંતોષ અનુભવી રહી છે. યુદ્ધો, હિંસા, પ્રાકૃતિક સંપદાનું અવિવેકી અતિ શોષણ વગેરે અટકતાં જ નથી. માણસની ભૂખ ભાંગતી જ નથી. પ્રસન્નતા છિનવાઈ ગઈ છે.
આધુનિક વિજ્ઞાન અને પ્રાચીન ભારતીય દર્શનશાસ્ત્ર સમજાવે છે કે માણસ જેવો જન્મે એટલે તેને બે પ્રકારનાં પોષણની અનિવાર્યતા ઊભી થાય છે. એક ખોળિયાનું પોષણ અને બીજું આત્માનું પોષણ. આ બંને પોષણ યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં થાય તો જ માણસ માણસ તરીકે ટકી શકે. એ જ જીવન છે. જીવન એ સુખની નહીં પણ સત્યની શોધ છે.
પણ કયા સત્યની શોધ કરવાની છે? કયું સત્ય પામવાનું છે?
સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માના સાક્ષાત્કારના સત્યને પામવાનું છે!
અને હા, આ ખરેખર ખૂબ સરળ અને સસ્તું પણ છે!
આપણી પાસે દિવસના ૨૪ કલાક છે. તેમાંથી ૮ કલાક આપણી દિનચર્યા- ખાવું-પીવું- ન્હાવું- ઊંઘવું- શૌચક્રિયાઓ વગેરેમાં જાય છે. ૮ કલાક ખોળિયાના પોષણ માટે, આજીવિકા માટે જાય. જીવતા રહેવું તો અનિવાર્ય છે ને? આથી આ કુલ ૧૬ કલાક તો જરૂરી છે. હવેના જે ૮ કલાક બચ્યા તે માયલાના-આત્માના પોષણ માટે દેવાના છે. જો માયલો પોષાણો તો જિંદગીમાં ઝળાહળા જ છે! પ્રસન્નતા જ પ્રસન્નતા.
આમ જુઓ તો ૧૬ કલાકનો ભોગ ૮ કલાકની મોજ માટે દેવાનો છે.
પ્રકૃતિએ આપણા માટે દિવસમાં ૮ કલાક અથવા જિંદગીના ૩૩ ટકા સમય સ્ફટિકમય નિજાનંદી બની મોજ કરવાનું અદ્ભુત આધ્યાત્મિક વ્યવસ્થાપન કરેલ છે, પણ આ મોજની ગુણવત્તાનો આધાર તમે બાકીના ૧૬ કલાક કે જીવનના ૬૬ ટકા સમય ક્યાં અને કેવી રીતે ખર્ચો છો તેના પર નિર્ભર કરે છે.
માણસનો માયલો રાજી કેમ અને ક્યારે થાય?
જ્યારે આપણે સત્કાર્યો કરીએ ત્યારે!
જ્યારે આપણે સત્ય અને અહિંસાના બે કાંઠા વચ્ચે કરુણાસભર મૈત્રીભાવના વહેતા ઝરણામાં છબછબિયાં બોલાવીએ ત્યારે!
છે ને સાવ સરળ અને સસ્તું!
ચાલો, ત્યારે તમામ ઘડીને રળિયામણી કરવાનો સંકલ્પ લઈએ... આજથી.. જ...

— (signature)

## ૦૧ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા : વાર્ષિક નિવેદન (જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫)

**વાઘજીભાઈ કરમટિયા**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા,મણાર સંસ્થાના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન પ્રસિદ્ધ લેખક અને શિક્ષણવિદ્ શ્રી જયેન્દ્રસિંહજી જાદવ, શ્રી અરુણભાઈ, શ્રી પ્રશાંતભાઈ, તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો, વિધાર્થી ભાઈ-બહનો.

સૌને નમસ્કાર,

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ પરિવાર તરફથી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. ગત વર્ષ એટલે કે ૨૦૨૫નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા પહેલા બૃહદ લોકદક્ષિણામૂર્તિ પરિવારમાંથી દિવંગત થયેલ વડીલો, દાતાઓ, પૂર્વ કાર્યકરો, પૂર્વ વિધાર્થીઓ અને શુભેચ્છકોના આત્માની શાંતિ અર્થે પૂરા પરિવાર વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આંબલા લોકશાળાના શિક્ષક શ્રી સુરેશભાઇ પટેલના માતૃશ્રી સ્વ.સવિતાબેન પટેલ, સંસ્થાના શુભેચ્છક પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાના માતૃશ્રી ચંદ્રાબા, મોજીલી શાળાના આચાર્યશ્રી મહાશંકરભાઈના માતૃશ્રી ઊજમબેન, પૂર્વ વિધાર્થી અને જાણીતા સહકારી ક્ષેત્રના સમાજ અગ્રણી સઘન ક્ષેત્ર યોજના- મણારના સ્થાપક સ્વ.શ્રી જયવંતસિંહજી જાડેજા, લોકવિદ્યામંદિર-થોરડીના સ્થાપક સંસ્થાના શુભેચ્છક શ્રી કાંતિભાઈ પરસાણાના ધર્મ પત્ની સ્વ. કસુંબાબહેન, સંસ્થાના શુભેચ્છક અને ગાંધીવિચારને સમર્પિત, કર્મઠ ડૉ. સંઘમિત્રાબહેન ગાડેકર, સંસ્થાના શુભેચ્છક સંતવર્ય પૂ.મોરારિબાપુના ધર્મપત્ની સ્વ.શ્રી નર્મદાબા, સંસ્થાના શુભેચ્છક શ્રી નીતિનભાઈ પંચોલીના ધર્મપત્ની સ્વ.ઇન્દુમતિબહેન, સંસ્થાના પૂર્વ શિક્ષક શ્રી ઘનશ્યામભાઈ ડોડીયાના પિતાશ્રી સ્વ. અંબાલાલભાઈ, સંસ્થાના કાર્યકર શ્રી ભગવાનભાઈ ડાભીના પિતાશ્રી સ્વ.ધનજીભાઈ, પૂર્વ નિયામકશ્રી લાલજીભાઈના સાળા અને માલપરા સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર સ્વ.શ્રી કેશવભાઈ મોરડીયા, પૂર્વ નિયામક અને મણાર સંસ્થાના વડીલ સ્વ. શ્રી પ્રવીણભાઈ મહેતા, સંસ્થાના કાર્યકર શ્રી ભાવેશભાઈ ડાંગરના કાકા સ્વ. શ્રી સાર્દુળભાઈ, લો.ભા.પી.ટી.સી.ના આચાર્યશ્રી જગદીશભાઈ ગોસાઈના પિતાશ્રી ઉમેદગીરી, ગુજરાતના જાણીતા સર્વોદય કાર્યકર અને સંસ્થાના શુભેચ્છક શ્રી રજનીભાઈ દવેના ધર્મપત્ની શ્રી કામિનીબહેન, ગ્રા.દ.મૂ.આંબલાના પૂર્વ નિયામક અને સંસ્થાના વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણીના પુત્રવધૂ સ્વ.શ્રી સવિતાબહેન, લો.ભા.ના સન્માનિત પૂર્વ વિધાર્થી શ્રી મોહનભાઈ દલાસાણિયાના યુવાન પુત્ર સ્વ.શ્રી રાહુલભાઈ, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના પૂર્વમંત્રી અને સંસ્થાના શુભેચ્છક સ્વ.શ્રી હર્ષદભાઈ ત્રિવેદીના ધર્મપત્ની અને વર્તમાન મંત્રી શ્રી પરાગભાઈના માતૃશ્રી સ્વ.અનસૂયાબહેન, મણારના કાર્યકર શ્રી ચકાભાઈના મોટા દીકરા સ્વ. જગદીશભાઈ, લોકશાળાના શિક્ષક શ્રી બિપિનભાઈ ઠાકોરના બહેન સ્વ.શ્રી મંજુબેન, આંબલાના કાર્યકર શ્રી મહર્ષિભાઈના સાસુ સ્વ.શ્રી જયાબેન, સહિતના બૃહદ પરિવારના દિવંગત આત્માનોને વંદન સાથે  હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**સેવાનિવૃત્તો માટે શુભેચ્છાઓ :-**

- ટ્રસ્ટી મંડળમાં છેલ્લા ૧૫ વર્ષથી નિયામક તરીકે સેવા આપતા વડીલશ્રી સુરસંગભાઈ ચૌહાણ.
- લોકશાળાના ગુજરાતી શિક્ષક શ્રી પુંજાભાઈ કટારા તેમના વતનમાં બદલી થતાં.
- લોકશાળાના ગૃહવિદ્યાના શિક્ષિકા શ્રી રૂપાબહેન પટેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં.
- મણારના બક્ષિપંચ છાત્રાલયના મુખ્ય ગૃહપતિ શ્રી નીતિનભાઈ રામાણી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં.
- મણારમાં  શિક્ષક શ્રી અંકુરભાઈ શાહ તેમના વતનમાં બદલી થતાં.

**નવનિયુક્તોને આવકારઃ-**

- આપણા ટ્રસ્ટી મંડળમાં આ વર્ષે નિયામક તરીકે યુવા ગાંધીવિચારને વરેલા પૂર્વ ટ્રસ્ટી અને નિયામકશ્રી સ્વ.અનિલભાઈ ભટ્ટના દીકરા શ્રી મેહુલભાઈ ભટ્ટની નિમણૂક કરવામાં આવી.
- આંબલા મોજીલા શિક્ષણ પ્રોજેકટમાં શ્રી રાહુલભાઈ જુણેજા.
- મણાર મોજીલા શિક્ષણ પ્રોજેકટમાં શ્રી વિમલભાઈ.
- લોકશાળામાં ગૃહવિદ્યા વિષય માટે શ્રી કૃપાબહેન બારડની હંગામી નિયુક્તિ કરવામાં આવી.
- મણારના બક્ષીપંચ છાત્રાલયના મુખ્ય ગૃહપતિ તરીકે શ્રી વિપુલભાઈની નિયુક્તિ કરવામાં આવી.
- બાલવાડીમાં શિક્ષકા તરીકે શ્રી સેજલબેન સોલંકીની હંગામી નિમણૂક કરવામાં આવેલ છે.
- મોજીલીશાળામાં આચાર્ય તરીકે શ્રી ઈશિતાબહેન પંડ્યા તથા યોગ શિક્ષક તરીકે છાયાબહેન વાઘેલાની હંગામી નિયુક્તિ કરવામાં આવી.

**આનંદના સમાચારની ઝલકઃ**

સૌ પ્રથમ ખુશી અને ગૌરવના સમાચાર

● ગત વર્ષે ગ્રા.દ.મૂ.આંબલા અને મણારનો વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન GCERTના પૂર્વ નિયામક અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિ.ના ગિજુભાઈ બધેકા ચેર પ્રોફેસર એવા આદ.શ્રી ટી.એસ.જોશી સાહેબના "મનુષ્યત્વની કેળવણી" વિષય પર વક્તવ્ય શ્રી અરુણભાઈ, શ્રી પ્રશાંતભાઈની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. આ પ્રસંગે ભુતપૂર્વ વિધાર્થીઓ, પૂર્વ કાર્યકરો હાજર રહેલ.

● સ્વસ્થ વૃધ્ધત્વ ૩૩મો વૃધ્ધજન સન્માન સમારોહમાં શિશુવિહાર ખાતે પૂર્વ નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણનું સન્માન કરવામાં આવેલ.

● સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૫૯મી રેલી ( શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ ) આંબલા મુકામે 'માતૃભાષા ગુજરાતી' વિષય પર યોજાઈ ગઈ. તેમાં ૧૨ લોકશાળાના ૬૫૦ વિધાર્થીઓ ભાઈઓ - બહેનોએ ભાગ લીધો. પાંચ દિવસની રેલીનાં ઉદ્દઘાટન સમારોહમાં ભાવ.યુનિ.ના ગુજરાતી ભવનના ડિન શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, સંસ્થાના મેને. ટ્રસ્ટી શ્રી ડૉ.અરુણભાઈ દવે, સંસ્થાના નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણ, સૌરાષ્ટ્ર લોકશાળા સંઘના ઉપપ્રમુખ શ્રી ખોડાભાઈ ખાસિયા, સૌરાષ્ટ્ર લોકશાળા સંઘના મંત્રી શ્રી જસવંતભાઈ કાકડિયા, સંસ્થાના વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણી, તેમજ અન્ય સંસ્થાના સંચાલકશ્રીઓ અને આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહેલ. પાંચ દિવસ દરમિયાન મુખ્ય વક્તા તરીકે શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, શ્રી અશ્વિનભાઈ આણદાણી, શ્રી કુષ્ણભાઈ દવે, ભારતસિંહ ગોહિલ હાજર રહેલ તેમજ રેલી દરમિયાન ઘણા મહેમાનો આવેલ જેમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, સૌરાષ્ટ્ર લોકશાળા સંઘના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી દિનુભાઈ ચુડાસમા, પૂર્વ વિધાર્થી શ્રી રામજીભાઈ, શ્રી નીતિનભાઈ ભીંગરાડીયા, વગેરે મહેમાનો આવેલ. સમાપન સમારોહમાં શ્રી નલિનભાઈ પંડિત, શ્રી ડૉ. આઈ.કે.વીજળીવાળા, કાર્યકારી ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, કળસાર સંસ્થાના સંચાલક શ્રી નાગરભાઈ, સદ્દભાવના હોસ્પિટલના મુખ્ય ડૉ.બળદાણિયા સાહેબ, વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

● ગ્રામદક્ષિણામૂર્તિ સંચાલિત મોજીલીશાળાના વિધાર્થીઓએ સૌરાષ્ટ્ર કક્ષાના જામનગર મુકામે કલા મહાકુંભમાં મોજીલીશાળાના આચાર્ય શ્રી મહાશંકરભાઈ પંડ્યાના નેતૃત્વમાં ભાગ લીધેલ જેમાં મોજીલીશાળાની રાસની ટીમે પ્રથમ નંબર ( ૬ થી ૧૪ વર્ષની રાસ) પ્રાપ્ત કરેલ અને ઓલ ઈન્ડિયા કક્ષાએ ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ તેમજ લોકશાળાની ટીમે જિલ્લા ગ્રામ્યકક્ષાની રાસની ટીમે પ્રથમ નંબર ( ૧૫ થી ૨૦ વર્ષ )પ્રાપ્ત કરેલ. સુગમ સંગીતમાં પરમાર અક્ષયભાઈએ

બીજો નંબર પ્રાપ્ત કરેલ.

● ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારંભ શ્રી વિશાલભાઈ ભાદાણીના અતિથિપદે યોજાઈ ગયો.

● ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – ભાવનગર આયોજિત "શિક્ષણમાં નાવીન્ય" શિક્ષકોના નવતર પ્રયોગોનો સૌરાષ્ટ્ર ઝોન -૧ કક્ષાનો એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ શ્રી અરુણભાઈ દવેના મુખ્ય મહેમાન પદે યોજાયો. તેમાં GCERTના પૂર્વ નિયામક શ્રી ડૉ. નલિનભાઈ પંડિત, ભાવનગર જિલ્લા તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ, સુરેન્દ્રનગર જિલ્લા તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી ડૉ. સી.ટી.ટૂંડીયા હાજર રહેલ. આ ઇનોવેશ ફેસ્ટિવલમાં સૌરાષ્ટ્ર ઝોનના ૩૦ સ્ટોલ રહેલ.

● ૩ નવેલ NCC ANO ઓફિસરની ત્રણ મહિનાની તાલીમમાં મહર્ષિભાઈએ મહારાષ્ટ્રના નાગપુર ખાતે તાલીમ લઈ આવેલ.

● આ વર્ષે પહેલીવાર વિધાર્થીઓને મનાલી ટ્રેકિંગ પ્રવાસ શ્રી વાઘજીભાઈ તથા ગૌરાંગભાઈના માર્ગદર્શન હેઠળ લઈ ગયેલ.

● મોજીલીશાળા તથા લોકશાળામાં વિધાર્થીઓ માટે રમત-ગમત અને હેલ્થ માટે બંને કેમ્પસ પર આઉટડોર જીમના સાધનો મૂકવામાં આવ્યા.

● ગ્રા.દ.મૂ. ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળાને બે વર્ષ પૂર્ણ થતાં બીજો વાર્ષિકોત્સવ GCERTના પૂર્વ નિયામક અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિ.ના ગિજુભાઈ બધેકા ચેર પ્રોફેસર શ્રી ટી.એસ.જોશી સાહેબના મુખ્ય મહેમાન પદે યોજાઇ ગયો તેમાં સંસ્થાના મેને.ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, GCERTના પૂર્વ નિયામક શ્રી નલિનભાઈ પંડિત, સંસ્થાના વડીલ અને પૂર્વ નિયામક શ્રી લાલજીભાઈ નાકરાણી, ભાવ.જિ.શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ, ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા, લોકભારતી યુનિ.ના ઉપ કુલપતિ શ્રી વિશાલભાઈ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી ગિરીશભાઈ ગોધાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયેલ. આ પ્રસંગે ગ્રામજનો, વાલીઓ તેમજ મહેમાનો હાજર રહેલ. વિધાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી દરેકને મંત્રમુગ્ધ કર્યા હતા.

● સેંજળધામ પૂ.ધ્યાનસ્વામિની જગ્યામાં પૂ. મોરારિબાપુની નિશ્રામાં ૧૦૦% પરિણામ લાવનાર શાળાઓનો સન્માન કાર્યક્રમ યોજાઈ ગયેલ તેમાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા,મણાર તથા માઈધારને પૂ.મોરારિબાપુના વરદ હસ્તે ત્રણેય સંસ્થાઓના પ્રતિનિધિ તરીકે આચાર્યશ્રીઓને શાલ અને સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કરેલ. પૂ.બાપુએ આ સંસ્થાઓને દેશની ધરોહર ગણાવી ઉત્તમ કામગીરી માટે કાર્યકર્તાઓને સાધુવાદ આપ્યો.

● વળીયા કૉલેજ -ભાવનગર ખાતે ૩ ગુજરાત નેવલ NCC વાર્ષિક કેમ્પમાં વિધાર્થીઓને શ્રી મહર્ષિભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ જઈ આવેલ. કેમ્પમાં આ વર્ષની બેસ્ટ સ્કૂલનો એવોર્ડ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલાને મળેલ. કાર્યકર્તા તથા ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન આપેલ.

● શાળા પ્રવેશોત્સવ સચિવ શ્રી ભોવિતાબેન રાઠોડના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો.

● સત્રની શરૂઆતમાં અભિમુખતા શિબિરનું આયોજન કરેલ. તેમાં એક દિવસ સ્થાનિક અને એક દિવસ બહારના વકતાઓએ સંસ્થાના મૂલ્યો વિષે માહિતગાર કરેલ.

● ગુરુપૂર્ણિમા નિમિત્તે લોકભારતી ગ્રામવિદ્યાપીઠના લોકસેવાના પ્રાધ્યાપક શ્રી વિશાલભાઈ જોશીએ પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓને વકતવ્ય આપેલ.

● શાળાકીય જિલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધામાં મોજીલી પ્રાથમિક શાળાના ધોરણ - ૬ના બે બાળકોએ ભાગ લીધો. બાંભણિયા હર્ષિલે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. આગળ તેઓ રાજ્ય કક્ષાએ ભાગ લેશે બંને વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી, કાર્યકરો અને ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવેલ.

● રક્ષાબંધન નિમિત્તે મોજીલીશાળા અને લોકશાળામાં શ્રી બિન્દુબા ઝાલાના અતિથિપદે કાર્યક્રમ યોજાઈ ગયો. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ રક્ષાબંધનને નવી દ્રષ્ટિથી જોવા -વિચારવા પ્રોત્સાહિત કર્યા.

● નવરાત્રી દરમિયાન વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવારે ખૂબ ઉત્સાહ ગરબી ઉજવેલ.

● ભાવનગર રોટરી ક્લબદ્વારા નેશન બિલ્ડર એવોર્ડ ૨૦૨૫ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના કાર્યકર શ્રી નરેન્દ્રભાઈ મકવાણાનું નવતર પ્રયોગોથી વિદ્યાર્થીઓમાં રુચિ જગાવનાર વિડીયોશાળા દ્વારા ૫૦૦થી વધુ શાળાઓના ૨૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો પ્રકાશ પહોચાડયો તે બદલ તેમનું નેશન એવોર્ડથી બહુમાન કરવામાં આવેલ.

● સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા, લો.શા.સંઘના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી અરુણભાઈ દવે, શ્રી મનહરભાઈ ઠાકર તેમજ લો.શા.સંઘના પૂર્વ પ્રમુખ નાનુભાઈ શિરોયાની વિશેષ ઉપસ્થિતિમાં એક મહત્ત્વની ચિંતન બેઠક યોજાઈ તેમાં કેટલીક લોકશાળાઓમાંથી આચાર્ય, સંચાલક, ગૃહપતિ, ગૃહમાતા, શિક્ષકો વગેરે હાજર રહ્યા. આ બેઠકમાં વડીલોએ આપણને મન મૂકીને માર્ગદર્શન આપ્યું.

● ભાવનગર જિલ્લાકક્ષાનો ૭૬મો વન મહોત્સવ ૨૦૨૫ના ભાવનગર તથા બોટાદ જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને ગ્રા.દ.મૂ.આંબલા સંસ્થાના ત્રિવેણી સહયોગથી વૃક્ષવાવો પ્રદૂષણ ઘડાટો તેવા ઉમદા હેતુથી આ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. તેમાં મુખ્ય મહેમાન શ્રીમતિ રૈયાબેન મૂળજીભાઇ મિયાણી (ભાવનગર જિલ્લા પંચાયત પ્રમુખ-ભાવનગર), ગાંધીનગરથી મુખ્ય વનસંરક્ષક અને પ્રોજેકટ ડાયરેકટર શ્રી કે.શશીકુમાર, ભાવનગર જિલ્લાના નાયબ વનસંરક્ષક શ્રી યોગેશભાઈ દેસાઈ સાહેબ, ભાવનગર જિલ્લા કલેકટર શ્રી મનીષકુમાર બંસલ સાહેબ, બોટાદ જિલ્લાના નાયબ વનસંરક્ષક શ્રી ગોવિંદસિંહ સરવૈયા સાહેબ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનુલ ચૌધરી સાહેબ, શિહોર ડેપ્યુટી કલેકટર શ્રી ભૂમિકાબેન વાઢિયા તેમજ શ્રી અરુણભાઈ દવેની વિષે ઉપસ્થિતિમાં યોજાયો હતો.

● નૂતનવર્ષના પ્રારંભે સંસ્થામાં સંસ્થાના પૂર્વ કાર્યકરો, હાલના કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનો,શુભેચ્છાકોનું સ્નેહમિલન યોજાઈ ગયું. કાર્યકરો પરિવાર સહિત ગામના આગેવાન શ્રી જેરામભાઈ , શ્રી નારણભાઈ પટેલ, શ્રી રાજુભાઈ વાળા તથા ગ્રામજનો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મુ.શ્રી ફાજલદાદા, શ્રી મેહુરભાઈ લવતુકા, નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ, આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટીયાએ પ્રસંગોચિત વાતો કરી, જૂના સ્મરણો તાજા કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના કાર્યકરોએ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

● ગાંધીજયંતિ નિમિત્તે "ગાંધી ગુંજન" કાર્યક્રમ યોજાઈ ગયો. મુખ્ય વક્તા શ્રી મનહરભાઈ ઠાકરે સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શન વિષે વ્યાખ્યાન આપેલ.

● સંસ્થામાં બે દિવસીય વાંચન શિબિર યોજાઈ ગઈ. કાર્યક્રમનું ઉદ્દઘાટન લોકભારતીના ટ્રસ્ટી શ્રી રામચંદ્રભાઈ પંચોળી તથા ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપકશ્રી રવિભાઈ પંચોળીના હસ્તે દીપ-પ્રાગટયથી થયું હતું. પુસ્તકાલયની જવાબદારી સંભાળતા કૈલાસબેને બે હજાર જેટલા પુસ્તકોનું વિભાગ અનુસાર પુસ્તક પ્રદર્શન કરેલ. સંસ્થાના કાર્યકર વિદ્યાર્થીઓ આ શિબિરમાં જોડાયા હતા.

● મોજીલીશાળાના ૮૮ વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષાની રંગોત્સવ મહોત્સવ સ્પર્ધામાં અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ તેમાં કુલ ૫૫ વિદ્યાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તેઓ આગામી સમયમાં ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. તે દરેક વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવમાં આવેલ.

● ગ્રા.દ.મૂ.આંબલા ટ્રસ્ટ તથા શિશુવિહાર સંસ્થા, સિધ્ધિવિનાયક જનરલ હોસ્પિટલના સંયુક્ત સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પ ડૉ. રાજીવભાઈ ઓઝા તથા તેની ટીમના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયેલ તેમાં આજુ-બાજુના ૨૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો.

● ગ્રા.દ.મૂ.ના કાર્યકર પરિવારીની દીકરી અને પૂર્વ વિદ્યાર્થિની કુમારી ભક્તિબેન દીપકભાઈ પંડ્યાને સામાજિક કાર્ય કરવા બદલ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે સન્માનિત કરવામાં આવેલ તે બદલ તેમને અભિનંદન.

● પેટાગોન કંપની અને એગ્રોસેલના સંયુકત આર્થિક સહયોગથી મોજીલીશાળામાં નવા છાત્રાલયનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવેલ છે. માર્ચ-૨૬ સુધીમાં તે કામ પૂર્ણ થઈ જશે.

● સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના આર્થિક સહયોગથી મોજીલીશાળામાં વિદ્યાર્થીઓને લોખંડના પલંગ અને ગાદલાંની સુવિધા આપવામાં આવેલ.

● હાલ સંસ્થાની જૂની બાલવાડીને પુનઃનિર્માણ કાર્ય શરૂ છે. આ બાલવાડીની સાથે ચિડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માર્ગદર્શનથી ગર્ભસંસ્કાર શિશુ પરામર્શન કેન્દ્ર, પીડીલાઇટના માર્ગદર્શનથી કૌશલ્યવર્ધન કેન્દ્ર અને પીડીલાઇટના ગ્રામદક્ષિણામૂર્તિ મણારના કૃષિ-બાગાયત સંશોધન કેન્દ્રના સહયોગથી ખેડૂતો માટે કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ - રાજકોટ, ગ્રામસ્વરાજ મંડળ – રાજકોટ, તથા ગ્રામજનો તરફથી આર્થિક સહયોગ મળેલ છે.

● દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈ સ્થિત ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશન ટ્રસ્ટના આર્થિક સહયોગથી શિશુવહાર સંસ્થા આયોજિત ૨૬માં હીરાબહેન માનભાઈ ભટ્ટ મહિલા ઉત્કર્ષ કાર્યક્રમમાં સંસ્થાની ૨૦ વિદ્યાર્થિની બહેનોને લવાજમ સહાય મળેલ.

● દર વર્ષની જેમ મુંબઈ સ્થિત શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ટ્રસ્ટ તરફથી ગૌશાળાને સહાય મળેલ.

● વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થામાં પૂર્વ વિદ્યાર્થીઓ પરિવાર સ્નેહમિલન યોજાઈ ગયું. વિદ્યાર્થીઓએ આખો દિવસ સંસ્થામાં રહી પોતાના પરિવાર સાથે જૂના સ્મરણો વાગોળી ખૂબ આનંદ અનુભવ્યો.

● પ્રદેશ કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધા - ૨૦૨૫ અમરેલી ખાતે યોજાયેલ તેમાં મોજીલીશાળાની રાસની ટીમે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. ગ્રામદક્ષિણામૂર્તિ પરિવારે અભિનંદન પાઠવેલ.

● ધોરણ -૦૯ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ટાટમ મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૬૦મી રેલી (શિક્ષણ-સજ્જતા-સંગોષ્ઠિ)માં વિષય - ગણિતમાં ભાગ લઈ આવેલ. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંગીત શિક્ષક શ્રી ભરતભાઈ દવેના માર્ગદર્શન હેઠળ 'જનક નંદીની સીતે' નૃત્ય નાટીકા રજૂ કરી દર્શકોને ભાવવિભોર કર્યા હતા. તેમાં બેઠેલાની આંખમાં આસું જોવા મળેલ. ટાટમ સંસ્થા દ્વારા આ નાટકને પુરસ્કાર પણ આપવામાં આવેલ.

● વર્ષ દરમિયાન ટ્રસ્ટની ટ્રસ્ટી મંડળની બેઠક આંબલા મુકામે મળેલ તેમાં નીતિવિષયક નિર્ણયો લેવામાં આવેલ. આ ઉપરાંત ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની વર્ષ દરમિયાન ૮ બેઠક મળેલ તેમાં આંબલા ખાતે ૪ અને મણાર ખાતે ૪ બેઠક મળેલ આ બેઠકમાં સંસ્થાના વિદ્યાર્થી, વિભાગો અંગેના પ્રશ્નો અને નવા કામો અંગે ચર્ચા -વિચારણા કરવામાં આવી હતી.

● આ ઉપરાંત સંસ્થાની સ્થાપના કાળથી અનેકવિધ પ્રવૃત્તિઓને શિક્ષણ સાથે અનુબંધ કરીને પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓના કૌશલ્યોને બહાર લાવે છે. જેમાં આનંદ બજાર, ખજાનાની શોધ, સ્વયંપાક, વર્ષાસ્નાન, ગૌપૂજન, નવરાત્રિ ઉત્સવ, હોલિકા દહન, રંગોત્સવ, સ્વયં શિક્ષણ દિન, વિશ્વ યોગ દિવસ,વિશ્વ સિંહ દિવસ, રમતોત્સવ,પ્રવાસ પર્યટન, વગેરે જેવા જે દર વર્ષેની જેમ આ વર્ષે પણ ઉજવણી કરવામાં આવી છે.

## સંસ્થાકીય પ્રવૃતિઓનો વિભાગવાર ૨૦૨૪-૨૫માં થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ

**વાર્ષિકોત્સવ :**

ગત તારીખ-૦૯.૦૧.૨૫ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા મણારના સંયુક્ત વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન આદ.શ્રી ટી.એસ.જોશી સાહેબની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે સંસ્થાના નટવરલાલ બૂચ-બૂચદાદાની આજે પુણ્યતિથિ હોઈ તેના સ્મરણ શ્રદ્ધાંજલિ સાથે અહી મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય કરાયું. આ પ્રસંગ પ્રારંભે આવકાર ઉદ્દબોધન કરતાં શ્રી અરુણભાઈ દવેએ હરખ વ્યક્ત કરેલો- આ સંસ્થાને ૮૭ વર્ષ પૂરા થતાં બંને સંસ્થાના વિકાસ અંગે સંતોષ વ્યક્ત કરી હવે ઘણી ભૌતિક સુવિધા બાદ કૌશલ્ય અને સમાજકલ્યાણ માટે કાર્યરત રહેવા ભાવ વ્યક્ત કર્યો. આંબલાના કામનો અહેવાલ આંબલા લોકશાળાના આચાર્ય શ્રી વાઘજીભાઈએ આપેલ. જ્યારે મણારના કામનો અહેવાલ મણાર લોકશાળાના આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરે આપેલ. સંસ્થાના નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણે આભાર દર્શન કરેલ. મુખ્ય વક્તા શ્રી જોશી સાહેબે 'મનુષ્યત્વની કેળવણી' વિષય પર વક્તવ્ય આપેલ.

**લોકશાળા તથા મોજીલીશાળાના વિધાર્થીઓની સિધ્ધિઓ / તાલીમ / પ્રવાસ / શિબિર :**

● ધોરણ -૦૯ના ૫૦ વિદ્યાર્થીઓ વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે ૨ દિવસીય પ્રકૃતિ શિબિરમાં કંસારો પ્રકૃતિ મંડળના માર્ગદર્શન હેઠળ ભાગ લઈ આવેલ.

● ધોરણ -૧૦ના વિધાર્થીઓ ગીર-જામવાળા-ખાતે ૩ દિવસની પ્રકૃતિ શિબિરમાં ભાગ લઈ આવેલ.

● ૫૯મી રેલી આંબલા ખાતે યોજાઈ હતી તેમાં ૧૨ લોકશાળાના ધોરણ -૦૯ના ૬૫૦ વિધાર્થીઓએ ભાગ લીધેલ. સંસ્થાના ધોરણ - ૦૯ થી ૧૨ના તમામ વિધાર્થીઓએ આ રેલીમાં આવેલ વક્તાશ્રીઓના વક્તવ્યનો લાભ લીધેલ.

● ભાવનગર રમત-ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત ભાવનગર જિલ્લા ગ્રામ્યકલા મહાકુંભમાં લોકશાળા અને મોજીલીશાળાની રાસની બંને ટીમે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. તેમજ વ્યક્તિગતમાં સુગમ સંગીતમાં ધોરણ ૧૨ના પરમાર અક્ષયભાઈએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ.

● લોકશાળા અને મોજીલીશાળામાં ભાવનગરના હામી.કોમ કંપની તરફથી ધોરણ -૦૯ના વિધાર્થીઓ માટે રોબોટિક્સ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મોડલ્સ મેકિંગ વર્કશોપ રાખેલ તેમાં શ્રી પ્રશાંતભાઈ મામતોરાએ વિધાર્થીઓને વિષય અનુરૂપ વાતો કરી પ્રેક્ટિકલ મોડેલ્સ તૈયાર કરાવેલ.

● ભાવનગર મુકામે ૩ નેવલ NCC "A" સર્ટિફિકેટની પરીક્ષા આપવા શ્રી નરેન્દ્રભાઈ મકવાણાના માર્ગદર્શન નીચે વિધાર્થીઓ જઈ આવેલ.

● NSSનો વાર્ષિક ખાસ શિબિર શિહોર તાલુકાનાં અનીડા મુકામે NSS કોઓર્ડિનેટરશ્રી ગૌરાંગભાઈ વોરાના માર્ગદર્શનમાં યોજાયેલ ઉદ્ઘાટનમાં કુંભણ હાઇસ્કૂલના આચાર્ય શ્રી પ્રતાપભાઈ ચૌહાણ, ગામના સરપંચ શ્રી મનુભાઈ, તથા આજુબાજુની પ્રા.શાળાના શિક્ષકો તેમજ ગ્રામજનો હાજર રહેલ. વક્તાએ શિબિર દરમિયાન જુદા જુદા વિષય પર વક્તયવ્ય આપેલ તેમજ લોકસંપર્ક, શેરી નાટકો, ગ્રામ સફાઈ, છેલ્લે દિવસે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ કરેલ.

● સૌરાષ્ટ્ર પ્રદેશ ઝૉનકક્ષાએ જામનગર મુકામે મોજીલીશાળાની તેમજ લોકશાળાની રાસની ટીમ ભાગ લઈ આવેલ તેમાં મોજીલીશાળાની ટીમ પ્રથમ નંબર પ્રાપ્ત કરલે અને ઓલ ઈન્ડિયામાં ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ. સૌ ભાગ લેનાર વિધાર્થીઓને અભિનંદન.

● ધો-૦૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓને મનાલી ટ્રેકિંગ પ્રવાસ માટે આચાર્ય શ્રી વાઘજીભાઈ તથા શિક્ષક ગૌરાંગભાઈના માર્ગદર્શન હેઠળ કુલ ૨૬ વિદ્યાર્થીઓ જઈ આવ્યા.

● ગ્રા.દ.મૂ.આંબલામાં દરવર્ષની જેમ આ વર્ષે પણ અભિમુખતા શિબિરનું આયોજન કરવામાં આવેલ તેમાં

શ્રી વિશાલભાઈ ભાદાણીએ 'સહયોગ અને સહકાર', શ્રી ગૌરાંગભાઈ વોરાએ 'આપણી દિનચર્યામાં વૈજ્ઞાનિકતા', શ્રી સુરસંગભાઈ ચૌહાણએ 'ગ્રામાભિમુખ કેળવણી દ્વારા ગ્રામોધ્ધાર', શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ 'ચાલો જાતે શીખીએ', શ્રી મેહુલભાઈ ભટ્ટે 'સંસ્થાના ઉદ્દેશ તેમજ આદ્યસ્થાપકો', શ્રી ભાનુભાઈ ભટ્ટે 'છાત્રાલય, સમૂહજીવન, સહશિક્ષણ', શ્રી મુકેશભાઈ મહેતાએ 'શ્રમ અને સ્વાવલંબન' વિષય પર વકતવ્યો આપેલ.

● લોકશાળા આંબલા તથા મોજીલીશાળાના વિધાર્થીઓ ગ્રા.દ.મૂ.મણાર ખાતે સ્વ.મૃદુલાબહેન પ્ર.મહેતા પ્રેરિત 'પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાનમાળા'ના ૩૩માં મણકામાં વક્તા શ્રી આઈ.કે.વીજળીવાળાના ''આપણો માનવ ધર્મ'' વિષય પરના વક્તવ્યનો આસ્વાદ લઈ આવેલ.

● ભાવનગર જિલ્લા ગ્રામ્ય કલા મહાકુંભ ૨૦૨૫-૨૬માં મોજીલી પ્રાથમિક શાળાના બાળકો શિશુવિહાર સંસ્થામાં ભાવનગર મુકામે ભાગ લઈ આવેલ. તેમાં રાસમાં ૬ થી ૧૪ વર્ષની ટીમ જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. જ્યારે ૧૫ થી ૨૦ વર્ષની ટીમ પણ જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ.

● શાળાકીય જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધામાં મોજીલી પ્રાથમિક શાળાના ધોરણ -૬ના બાંભણિયા હર્ષિલ અને હુંબલ ભારતએ ભાગ લઈ બાંભણિયા હર્ષિલ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. આગળ તેઓ રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

● ગાંધીજયંતી નિમિત્તે ''ગાંધી ગુંજન કાર્યક્રમ'' યોજાઈ ગયો. તેમાં મુખ્ય વક્તા શ્રી મનહરભાઈ ઠાકરે સત્ય અને અહિસાના પૂજારી મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શન વિષે વ્યાખ્યાન આપેલ.

● વિધાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ રાજસ્થાનના ઐતિહાસિક સ્થળોએ યોજાય ગયો. વિધાર્થીઓએ તે સ્થળો વિષે માહિતી પ્રાપ્ત કરેલ.

● પ્રદેશ કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધા - ૨૦૨૫ અમરેલી ખાતે યોજાયેલ જેમાં મોજીલીશાળાની રાસની ટીમે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ.

● નૅશનલ કક્ષાની રંગોત્સવ મહોત્સવ સ્પર્ધામા આપણી શાળાના કુલ ૮૮ બાળકોએ અલગ અલગ સ્પર્ધામા ભાગ લીધેલો તેમાંથી ૫૫ બાળકોએ ક્રમશઃ ગોલ્ડ,સિલ્વર, અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે અને તે દરેક બાળકો આગામી સમયમાં ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે સિલેક્ટ થયેલ છે.

● ધોરણ -૦૯ વિધાર્થી ભાઈઓ-બહેનો ટાટમ મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૬૦મી રેલીમાં વિષય -ગણિતમાં ભાગ લઈ આવેલ. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંગીત શિક્ષક શ્રી ભરતભાઈ દવેના માર્ગદર્શન હેઠળ ''જનક નંદિની સીતા'' નાટક કૃતિ રજૂ કરી દર્શકોને મંત્ર મુગ્ધ થઈ જતાં તેમાના ઘણાની આંખમાં આસુ જોવા મળેલ. આ નાટકને પુરસ્કાર પણ ટાટમ સંસ્થા દ્વારા આપવામાં આવેલ.

**કાર્યકરોની તાલીમ / શિબિર / પ્રવાસ :-**

● આંબલાના કાર્યકરો માઈધાર મુકામે શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ દ્વારા શિક્ષણ સર્જ્જતા તાલીમ લેવા માટે જઈ આવેલ તમાં શિક્ષણ અને ટેકનોલોજીનો ઊપયોગ કરી વિદ્યાર્થીઓના અભ્યાસમાં રસ કેમ જગાડી શકાય તેમજ ટેકનોલોજી કેટલી ઊપયોગી થયા છે તે અંગેની તાલીમ લીધેલ.

● સેંજલધામ પૂ.ધ્યાન સ્વામિની જગ્યામાં પૂ. મોરારિબાપુની નિશ્રામાં ૧૦૦% પરિણામ લાવનાર શાળાઓનો સન્માન કાર્યક્રમ યોજાઈ ગયેલ તેમાં ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા / મણાર અને માઈધારને પૂ.મોરારિબાપુના વરદ હસ્તે ત્રણેય સંસ્થાઓના પ્રતિનિધિ તરીકે આચાર્યશ્રીઓને સન્માનિત કરેલ. પૂ.બાપુએ આ સંસ્થાઓને દેશની ધરોહર ગણાવી ઉત્તમ કામગીરી માટે કર્મઠ કાર્યકર્તાઓને સાધુવાદ આપ્યા.

● ૪૫ દિવસ માટે કાર્યકર શ્રી મહર્ષિભાઈ સોલંકી ૩ નેવલની એસોસિએટેડ ઓફિસરની તાલીમ લેવા માટે મહારાષ્ટ્રના નાગપુર મુકામે ગયેલ.

● લોકભારતી સણોસરા ખાતે મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળામાં કાર્યકર પરિવાર જઈ આવેલ.

● શ્રી ફિરોજભાઈ તથા રવીન્દ્રભાઈ મણાર મુકામે પીડીલાઇટ કંપનીના CSR ડિપાર્ટમેન્ટના એકાઉન્ટ હેડ શ્રી હીરલબેન વોરા સાથે હિસાબી બાબતે મિટિંગમાં જઈ આવેલ.

● શ્રી વાઘજીભાઈ કરમટીયા તેમજ શ્રીનરેન્દ્રભાઈ મકવાણા ગુજરાત નઈ તાલીમ સંઘ અને શિક્ષણ વિદ્યાશાખા ગુજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે રેલી સદર્ભે ગાણિતિક પ્રવૃત્તિ કાર્યશાળામાં જઈ આવેલ.

● શ્રી ગૌરાંગભાઈ ૧ માસ માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જઈ આવેલ.

● ગુજરાત નઈ તાલીમ સંઘ ૩૬માં દ્વીવાર્ષિક સંમેલન ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાયેલ તેમાં આચાર્ય શ્રી વાઘજીભાઈએ હાજરી આપેલ.

● ભાવનગર રોટરી કલબ દ્વારા નેશન બિલ્ડર એવોર્ડ ૨૦૨૫ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના ઉત્સાહી ગણિત વિજ્ઞાનના શિક્ષકશ્રી નરેન્દ્રભાઈ મકવાણાનું નવતર પ્રયોગોથી વિધાર્થીઓમાં રુચિ જગાવનાર વિડીયોશાળા દ્વારા ૫૦૦થી વધુ શાળાઓના ૨૦,૦૦૦ થી વધુ વિધાર્થીઓમાં જ્ઞાનનો પ્રકાશ પહોચાડયો તે બદલ તેમનું નેશન એવોર્ડથી બહુમાન કરવામાં આવેલ.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :-**

આમ તો સંસ્થાની સ્થાપના કાળથી અનેકવિધ પ્રવૃત્તિઓને શિક્ષણ સાથે અનુબંધ કરીને પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે વિધાર્થીઓના કૌશલ્યોને બહાર લાવે છે. જેમાં આનંદ બજાર, ખજાનાની શોધ, સ્વંયપાક, વર્ષાસ્નાન, ગૌપૂજન, નવરાત્રિ ઉત્સવ, હોલિકા દહન, રંગોત્સવ, શિક્ષણ દિન, વિશ્વ યોગ દિવસ,વિશ્વ સિંહ દિવસ, રમતોત્સવ વગેરે જેવા જે દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત જે વિશેષ દિનની ઉજવણી કરવામાં આવેલ તેની એક ઝલક આપ સમક્ષ રજૂ કરું તે પહેલા લોકશાળા વિષે પ્રાથમિક માહિતી નીચે મુજબ છે.

લોકશાળા વિદ્યાર્થીઓની સંખ્યા:

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૦૯ | ૨૮ | ૩૭ | ૬૫ |
| ૧૦ | ૨૩ | ૨૭ | ૫૦ |
| ૧૧ | ૩૮ | ૧૯ | ૫૭ |
| ૧૨ | ૨૦ | ૧૪ | ૩૪ |
| કુલ | ૧૦૯ | ૯૭ | ૨૦૬ |

માર્ચ-૨૦૨૫ ધોરણ-૧૦ પરિણામ :

| કુલ સંખ્યા | | | પાસ | | | શાળાનું પરિણામ |
|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | ટકાવારી |
| ૨૩ | ૨૭ | ૫૦ | ૨૩ | ૨૭ | ૫૦ | ૧૦૦% |

માર્ચ-૨૦૨૫ ધોરણ-૧૨ પરિણામ :

| કુલ સંખ્યા | | | પાસ | | | શાળાનું પરિણામ |
|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | ટકાવારી |
| ૨૦૧ | ૪ | ૩૪ | ૨૦ | ૧૪ | ૩૪ | ૧૦૦% |

## સહઅભ્યાસ શૈક્ષણિક પ્રવૃત્તિઓ

- તા.૨૭.૦૭.૨૫ના રોજ પ્રકૃતિને માણવાનો એવો " ખજાનની શોધ " કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૭.૦૬.૨૫ના રોજ ગાંધીનગર સચિવ શ્રી ભાવિતાબેનની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૧.૦૬.૨૫ના રોજ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા.૦૨.૧૧.૨૫ના રોજ શિક્ષણવિદ્ શ્રી મનહરભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં ગાંધી જયંતીની ઉજવીણી કરવામાં આવી શ્રી મનહરભાઈએ વિધાર્થીઓને જીવન ઘડતર, ગાંધીજીના ૧૧ મહાવ્રતો અને ગાંધીવિચારધારાની વાતો કરી હતી.
- તા.૨૧.૦૯.૨૫ના રોજ વિધાર્થીઓમાં વેપારી દ્રષ્ટિ ખીલે, આયોજન,બજેટ, રસોઈ બનાવવાના વગેરે કૌશલ્ય વિકસે તે માટેનો આનંદ બજાર કાર્યક્રમ રાખવામા આવેલ. તેમાં ૧૩ સ્ટોર કરવામાં આવેલ.
- તા.૨૬.૦૧.૨૫ના રોજ ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ગ્રામદક્ષિણામૂર્તિ કેન્દ્રવર્તી પ્રાથમિક શાળાના મેદાનમાં કરવામાં આવેલ. પૂર્વ વિધાર્થીની શ્રી સોની દ્રષ્ટિબેન અને શ્રી વાઘેલા ધ્રુવીબેન દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યાર બાદ લોકશાળા, મોજીલી શાળા, અને કેન્દ્રવર્તી શાળાના બાળકોએ પરેડ કરી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ. આ પ્રસંગે ગામના આગેવાનો, તથા પંચાયતના સભ્યો હાજર રહેલ.
- નવરાત્રિ દરમિયાન એકતા ગરબીનું આયોજન કરેલ. તેમાં તા.૦૯.૦૯.૨૫ના રોજ ટ્રેડિશનલ ગરબી રાખવામાં આવેલ.
- તા.૦૪.૦૯.૨૫ના રોજ સ્વયંશિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી. સમગ્ર દિવસની દિનચર્યા તથા જુદા જુદા વિભાગોનું આયોજન વિધાર્થીઓએ જ કર્યું હતું.
- તા.૩૧.૦૮.૨૫ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓની વાલી મિટિંગ રાખેલ.મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા.
- વર્ષ દરિમયાન વિધાર્થીઓની કોરબારી સમિતિની નિયામકશ્રી,આચાર્યશ્રી,ગૃહપતિ,ગૃહમાતાની હાજરીમાં ૨ મિટિંગ મળેલ તેમાં આવેલ પ્રશ્નોની વિગતે ચર્ચા વિચારણા કરી તેના યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ.
- તા.૨૩.૦૮.૨૫ના રોજ ભાદરવી અમાસમાં વિધાર્થીઓને ગામના તિરુપતિ મંદિરે લોકમેળામાં લઈ ગયેલ વિધાર્થીઓએ લોકમેળાની મજા માણી.
- તા.૨૦.૦૫.૨૫ના રોજ વરસાદ સારો થવાથી વિધાર્થીઓ સાથે કાર્યકર પરિવારે સાથે ગડબે વર્ષા સ્નાન સાથે ધરામાં ધુબકા મારેલ.
- તા.૦૭.૦૮.૨૫ના રોજ રવીન્દ્રનાથ ટાગોર જયંતિ નિમિતે વિધાર્થીઓમાં આત્મીયતા કેળવાય, જૂથકાર્ય કેળવાય તે માટે છાત્રાલય સુશોભન રાખેલ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ વર્ગખંડો તથા છાત્રાલયને સરસ સુશોભિત કર્યા.
- વર્ષ દરમિયાન ૪ વખત યજ્ઞાર્થ સફાઈ, ૩ વખત ગરબી, ૩ વખત ફિલ્મ કાર્યક્રમ રાખવામા આવેલ છે.
- આ.મૂળશંકરભાઈ ભટ્ટની જન્મતિથિએ તેમના દીકરા શ્રી વિક્રમભાઈ ભટ્ટ દ્વારા પ્રાસંગિક વાતો કરવામાં આવી.

## અભિમુખતા શિબિર

તારીખ ૦૫.૦૭.૨૫ થી તારીખ ૧૦.૦૭.૨૫ દરમિયાન સંસ્થાના હેતુઓ, શૈક્ષણિક કાર્યકમો અને સહઅભ્યાસીક પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યનિષ્ઠ શિક્ષણ અપાય છે તેનો ખ્યાલ આપવા માટે અભિમુખતા શિબિરનું આયોજન કરેલ તેમાં દરરોજ એક તજજ્ઞ દ્વારા વક્તવ્ય આપવામાં આવતું. ૫ દિવસની અભિમુખતા શિબિરમાં બહારથી આવેલ મહેમાનો અને

સંસ્થાના કાર્યકરો દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થા તથા તેની દિનચર્યા વિષે તેની સાથે જોડેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિષે અભિમુખતા કર્યા. સમગ્ર શિબિર દરમિયાન સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત શિબિરમાં વિક્રમભાઈ ભટ્ટ, શ્રી મનહરભાઈ ઠાકર આવેલ.

**ગુરુપૂર્ણિમા**

તારીખ ૧૦.૦૭.૨૫ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે મુખ્ય વક્તા લોકભારતી ગ્રામવિદ્યાપીઠના લોકસેવાના અંગ્રેજી વિષયના અધ્યાપક શ્રી વિશાલભાઈ જોશીએ ગુરુ અને શિષ્ય વચ્ચેની ભાવના તેમજ જ્ઞાન, ધર્મ અને ભક્તિના ત્રણ પાસા વિષે સમજણ આપી હતી. ઉપરાંત કહ્યું કે, માં, બાપ, ગુરુકુળ અને વ્યાસપીઠ સાથે ગુરુ તત્ત્વ રહેલ છે. આ સંસ્થામાં ઋષિતુલ્ય ગુરુજનો દ્વારા જે મૂલ્યો રોપાયાં છે તે ભાવાવરણ અનુભવાઈ રહ્યાનું ઉમેરી વિદ્યાર્થીઓને વિવિધ ગુણ ગ્રહણ કરી જીવનમાં નકારાત્મકતા ન લાવવા શીખ આપી. આ કાર્યક્રમમાં આ.લાલજીદાદા, નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ, આચાર્ય શ્રી વાઘજીભાઈ હાજર રહેલ. આવકાર પરિચય આચાર્ય શ્રી વાઘજીભાઈ આપેલ. વિદ્યાર્થી ચુડાસમા કરણભાઈ તથા લુણી ધ્રુવિકાબહેને પ્રસંગને અનુરૂપ વાતો કરી. આભારવિધિ નિયામક શ્રી મેહુલભાઈએ કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ -૧૦ના તરુણાબહેને કરેલ હતું

**સંગીત સંધ્યા**

વર્ષ દરમ્યાન બે વાર સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખેલ હતો તેમાં ૧૨.૦૭.૨૫ના રોજ જાણીતા ગાયક કલાકાર શ્રી નાથુભાઈ ગઢવી અને તેની ટીમ દ્વારા સંગીત સંધ્યા રાત્રિના ૨ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારને આનંદ કરાવેલ. તેમજ તા.૩૧.૦૮.૨૫ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા પોતાનું કૌશલ્ય ખીલે એ માટે વિદ્યાર્થીઓએ પોતે સંગીત સંધ્યાનું આયોજન કરી ગીતો રજૂ કરેલ.

**રક્ષાબંધન**

રક્ષાબંધન પર્વમાં સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીની શ્રી બિંદુબહેનના અતિથિવિશેષ પદે રાખેલ. મહેમાનશ્રીએ જીવનની પાંચ રાખડી (રક્ષા) પહેલી રાખડી પરિવાર, બીજી રાખડી મિત્ર, ત્રીજી રાખડી માનવતા, ચોથી રાખડી સમાજ, અને પાંચમી રાખડી રાષ્ટ્ર (દેશ) વિષે સમજણ આપેલ. નાના ભૂલકાના પ્રતીક રૂપે રક્ષાબંધન બાદ સમગ્ર શાળાના બહેનોએ ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ આચાર્ય શ્રી વાઘજીભાઈએ કરેલ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર પરિવારે જહેમત ઉઠાવી હતી.

મોજીલીશાળામાં પણ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીની શ્રી બિંદુબહેનના અતિથિવિશેષ પદે આયોજન થયેલ.

**પં.સુખલાલજી વ્યાખ્યાનમાળા મણાર**

તારીખ-૧૧.૦૮.૨૦૨ના રોજ મણાર મુકામે સ્વ. મૃદલાબેન પ્ર. મહેતા પ્રેરિત પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના ૩૩માં મણકામાં ધોરણ ૦૯ થી ૧૨ના તથા મોજીલીશાળાના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા કાર્યકર પરિવાર જઈ આવેલ.

સંસ્થાની બે દિવસીય પ્રકૃત્તિ શિક્ષણ શિબિર 'વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન' મુકામે જઈ આવેલ. તેમાં શાળાના ધોરણ ૯ ના ૫૦ શિબિરાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો. જેમાં શિબિરાર્થીઓએ કાળિયારના સમૂહો, હેરિયર, જંગલી બિલાડી, જંગલી ભૂંડ, જળ પ્લાવીત વિસ્તારના પક્ષીઓ અને ઘાસના મેદાનો નિહાળ્યા. રાષ્ટ્રીય ઉદ્યાનની પ્રાણી, વનસ્પતિસૃષ્ટિ અંગે ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો. વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન બાબતે જ્ઞાન આત્મસાત કર્યું. શિબિરનું આયોજન આપણી શાળાના 'કંસારો પ્રકૃતિ મંડળ' અને આચાર્ય શ્રી વાઘજીભાઈના માર્ગદર્શનથી થયું.

ધોરણ ૧૦ ના ૪૨ વિદ્યાર્થી ભાઈઓ બહેનો બથેશ્વર(ગીર અભયારણ્ય, જામવાળા) મુકામે ત્રણ દિવસની પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જઈ આવેલ. જેમાં શિબિરાર્થીઓએ અજગર, મગર, મત્સ્ય ઘુવડ, વીજ, વિવિધ પ્રકારના

હરણ,સરીસૃપો,પક્ષીઓ નિહાળ્યા. ગીર-જંગલની પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિનો ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો.વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન અંગે જ્ઞાન આત્મસાત કર્યું. શિબિરનું આયોજન આપણી શાળાના ' કંસારો પ્રકૃતિ મંડળ' અને આચાર્યશ્રી વાઘજીભાઈના માર્ગદર્શનથી થયું.

NSS

૨૫.૦૨.૨૫ થી ૦૩.૦૩.૨૫ દરમિયાન NSSનો વાર્ષિક ખાસ શિબિર શિહોર તાલુકાનાં અનીડા મુકામે NSS સંયોજક શ્રી ગૌરાંગભાઈ વોરાના માર્ગદર્શનમાં યોજવામાં આવેલ. શિબિર દરમિયાન લોકસપર્ક, શેરી નાટકો, ગામ સફાઈ જેવા કાર્યક્રમો કરેલ.

આ ઉપરાંત ગાંધીજયંતી, ગાંધીનિર્વાણ દિન, પ્રજાસત્તાક દિન,સ્વતંત્રતા દિનએ ગ્રામ સફાઈ, શેરી નાકટો વગેરે કાર્યક્રમો કરેલ છે. તેમજ સર્વરોગ નિદાન કેમ્પમાં સેવાઓ આપેલ છે.

NCC

- શ્રી મહર્ષિભાઈ સોલંકી નેવલ NCC ઓફિસરની તાલીમ લેવા માટે મહારાષ્ટ્રના નાગપુર જઈ આવેલ.
- ભાવનગર ખાતે NCCના ANO ઓફિસરની તાલીમ લેવા શ્રી મહર્ષિભાઈ જઈ આવેલ.
- વર્ષ દરમિયાન સંસ્થામાં ભાવનગરથી ૩ નેવલ NCCના પી.આઈ. સ્ટાફ ઓફિસરો વર્ગો લેવા માટે આવી ગયેલ.
- તા.૦૩.૦૨.૨૫ના રોજ ભાવનગર ખાતે ભાવનગર મુકામે ૩ નેવલ NCC "A" સર્ટિફિકેટની પરીક્ષા આપવા શ્રી નરેન્દ્રભાઈ મકવાણાના માર્ગદર્શન નીચે વિદ્યાર્થીઓ જઈ આવેલ.
- ૩ ગુજરાત નેવલ NCCમાં સંસ્થાના પ્રથમ વર્ષમાં ૫૪ કેડેટની નવી ભરતી કરવામાં આવેલ એમ પ્રથમ વર્ષ અને બીજા વર્ષની મળીને કુલ ૧૦૦ કેડેટ હાલ NCCમાં છે.

**મોજીલી પ્રાથમિક શાળા**

સંસ્થાની સ્થાપના કાળથી પૂ.દાદાઓએ પ્રાથમિક શિક્ષણને મહત્ત્વ આપેલ છે. પૂ.નાનાદાદાએ ભાવનગરની દક્ષિણામૂર્તિ હોય કે આંબલાની સંસ્થા હોય એ પ્રાથમિક શાળાથી જ શરૂઆત કરેલ છે. સંસ્થાના પ્રારંભથી જ ભાવનગર રાજ્યે આંબલા ગામની ચાર ધોરણની દરબારી પ્રાથમિક શાળા, શિક્ષણના પ્રયોગો માટે સંસ્થાને સોંપી હતી. આઝાદી પછી સૌરાષ્ટ્ર સરકારે અને ત્યાર પછી ગુજરાત સરકારે એક ખાસ ઠરાવથી આ પ્રાથમિક શાળાને પૂરી સ્વાયત્તતા બક્ષી હોવાથી આ પ્રાથમિક શાળા ગુજરાતની એક નમૂનેદાર પ્રાથમિક શાળાનો દરજ્જો પ્રાપ્ત કરી શકી છે. અહીં થતાં શૈક્ષણિક પ્રયોગો ખરા અર્થમાં ભાર વગરનું ભણતરનો નમૂનો બની ચૂક્યા છે. પરંતુ સમયાંતરે સરકારશ્રીના નીતિનિયમ મુજબ જે ફેરફારો થાય તેમાં તે પ્રાથમિક શાળાનું સંચાલન સરકારે પોતાના હસ્તગત કરી લીધેલ. આથી સંસ્થાના વડીલો, પૂર્વ વિદ્યાર્થીઓ અને શુભચિંતકોના મનમાં જે ચિંતા અને વિચારણા ચાલતી હતી કે જેમ આંબલાની સરકારી પ્રાથમિક શાળા સંસ્થાના સંચાલનથી ભાર વગરનું ભણતરનું એક રોલ મોડેલ્સ રહ્યું છે તે કેમ ટકાવી રાખવું તે માટે મેને. ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેએ ખૂબ મહેનત કરી અને એક મોડેલ્સ તૈયાર કરી દાતા સાથે વાતચિત કરી અને આજ થી ત્રણ વર્ષ પહેલા સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળાની શરૂઆત કરેલ છે. શરૂઆતમાં માત્ર ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓથી આ શાળાની શરૂઆત થયેલ. આજે શ્રી અરુણભાઈ દવે, શ્રી મેહુલભાઈ ભટ્ટ તથા શ્રી મહાશંકરભાઈ પંડ્યાના માર્ગદર્શનથી આપણી જૂની પ્રણાલી મુજબ ભાર વગરનું ભણતર કરી રહ્યા છે. સાથો સાથ સાંસ્કૃતિક અને રમતમાં શાળાના વિદ્યાર્થીઓ દેશ,વિદેશમાં ડંકો વગાડી રહયા છે. જેનો ગત વર્ષનો અહેવાલ નીચે મુજબ છે .

- ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર પ્રાથમિક શાળા (મોજીલી પ્રા.શાળા)માં ધોરણ ૦૫ થી ૦૮માં કુલ ભાઈઓ - ૭૯

અને કુલ બહેનો – ૧૪ આમ કુલ – ૯૩ વિધાર્થી ભાઈઓ-બહેનો અભ્યાસ કરે છે.

● મોજીલીશાળાના વિધાર્થીઓએ સૌરાષ્ટ્ર કક્ષાના જામનગર મુકામે કલા મહાકુંભમાં મોજીલીશાળાના આચાર્યશ્રી મહાશંકરભાઈ પંડ્યાના નેતૃત્વ નીચે ભાગ લઈ આવેલ તેમાં મોજીલીશાળાની રાસની ટીમે પ્રથમ નંબર ( ૬ થી ૧૪ વર્ષની રાસ) પ્રાપ્ત કરેલ અને ઓલ ઈન્ડિયા કક્ષાએ ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે.

● મોજીલીશાળામાં વિધાર્થીઓના હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવેલ તેના માટે કેમ્પસ પર આઉટડોર જીમના સાધનો રૂપિયા ૯ લાખના ફિટ કરવામાં આવેલ છે.

● આંબલા ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળાને બે વર્ષ પૂર્ણ થતાં ૨ વાર્ષિકત્સવમાં શ્રી ટી.એસ.જોશી સાહેબના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવેલ તેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી લાલજીભાઈ નાકરાણી, શ્રી હિરેનભાઈ ભટ્ટ, જિલ્લા શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી ગિરીશભાઈ ગોધાણી તેમજ ગ્રામજનો, વાલીઓ તેમજ મહેમાનો હાજર રહેલ. વિધાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

● મોજીલીશાળાના ૮૮ વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષાની રંગોત્સવ મહોત્સવ સ્પર્ધામાં અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ તેમાં કુલ ૫૫ વિધાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તે આગામી સમયમાં ઇન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. તે દરેક વિધાર્થીઓને ટ્રસ્ટ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવેલ.

● પેટાગોન કંપની અને એગ્રોસેલના સંયુકત આર્થિક સહયોગથી મોજીલીશાળામાં નવા છાત્રાલયનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવેલ છે. માર્ચ-૨૬ સુધીમાં તે કામ પૂર્ણ થઈ જશે.

● સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના આર્થિક સહયોગથી મોજીલીશાળામાં વિધાર્થીઓને લોખંડના પલંગ અને ગાદલાંની સુવિધા આપવામાં આવેલ.

● પ્રદેશ કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધા - ૨૦૨૫ અમરેલી ખાતે યોજાયેલ તેમાં મોજીલીશાળાએ રાસમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ.

**મોજીલી મોબાઈલ વાન પ્રોજેક્ટ**

પીડીલાઈટના આર્થિક સહયોગથી આંબલા અને મણારમાં મોજીલુંશિક્ષણ મોબાઈલ વાન પ્રોજેક્ટ ચાલે છે. ધોરણ-૦૬ થી ૦૮ના વિધાર્થીઓ પ્રવૃત્તિ અને સ્વાનુભવ દ્વારા પાઠય પુસ્તકના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી શીખે. કોઈ પણ વિષયને વિદ્યાર્થી જાતે ભણતો અને સમજતો થાય અને એ માહિતી,જ્ઞાનને પોતાના જીવન સાથે સંશોધનાત્મક વલણોથી જોડતો થાય તેવી દૃષ્ટિ કેળવીને શિક્ષણને ગુણવત્તાસભર અને પરિણામલક્ષી કરવાનો સફળ પ્રયોગ એટલે મોજીલુંશિક્ષણ યોજના. શિહોર અને પાલિતાણા તાલુકાના ૩૬ ગામોની ૪૨ પ્રા.શાળામાં ૬ થી ૮ ધોરણમાં મોજીલુંશિક્ષણ યોજના ચાલે છે. જેમાં બે કાર્યકરો રોજ અલગ અલગ શાળામાં જઈને પ્રવૃત્તિ દ્વારા જે-તે એકમ શીખવે છે. દર સત્રએ લોકભારતી સંચાલિત શિક્ષણ ગુણવત્તા સંવર્ધન કેન્દ્ર દ્વારા એક કીટ તૈયાર કરીને તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ વર્ષે વેકેશનમાં ગ્રીષ્મ શિબિરમાં વડોદરાના એકલબાર - પાદરા મુકામે ૧૨ દિવસ જઈ આવેલ. વર્ષ દરમિયાન કુલ ૯૦૪૫ વિધાર્થીઓએ તેનો લાભ લીધો. આ ઉપરાંત વર્ષ દરમિયાન તાલુકા કક્ષાના ૪ વિજ્ઞાનમેળામાં પણ બંને કાર્યકરો સેવા આપવા જઈ આવેલ.

**ગૃહવિજ્ઞાન**

ધોરણ-૧૧-૧૨ના બહેનો માટે ગૃહજીવનવિદ્યાનો અભ્યાસક્રમ ચાલે છે. જેના દ્વારા ભરત-ગૂંથણ, શિવણ, ગૃહ

સુશોભન, નવી નવી વાનગી બનાવવી વગેરે બહેનો શીખે છે. આ તાલીમ બહેનોના ગૃહજીવનને વધારે સંતોષી અને આનંદી તો બનાવે જ છે પરંતુ જરૂર પડે આ તાલીમ તેમની આજીવિકાનું સાધન પણ બની રહે છે. આ પ્રકારની સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા બહેનોમાં સેવા અને અન્યને મદદરૂપ થઈને જીવનનો આત્મસંતોષ મેળવવાની એક તક પણ ઊભી થાય છે.

બહેનો દ્વારા બનાવેલ ખાદીના થેલા,પર્સ,ફાઇલ વગેરે વસ્તુ બહાર મેળામાં તથા સંસ્થામાં મુલાકાતે આવતા મહેમાનોને વેચાણ કરવામાં આવે છે.

**રસોડા વિભાગ**

સંસ્થામાં રસોડા ચાલે છે. સંસ્થાના મૂલ્યો અને જીવનલક્ષી શિક્ષણમાં છાત્રાલયની જેમ રસોડાનું પણ ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે. સંસ્થામાં દર પૂનમના રોજ સમૂહ ભોજન રાખવામા આવેલ છે. આ ઉપરાંત તહેવારના દિવસે મહાભોજનનું પણ આયોજન કરેલ. વર્ષ દરમિયાન ૭ સમૂહ ભોજન તેમજ ૩ મહાભોજન કરવામાં આવેલ છે. રસોડાના વ્યવસ્થાપકના માર્ગદર્શનથી સ્વયંપાક તેમજ આનંદ બજારના કાર્યક્રમો થાય છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં રસોઈ અને વેપારનું કૌશલ ખીલે.

**પુસ્તકાલય વિભાગ**

સંસ્થામાં પુસ્તકાલયમાં ત્રણ પ્રકારના વાચન સામાગ્રી વસાવવામાં આવેલ છે. દૈનિક વર્તમાન પત્રો, સામાયિક, પુસ્તકો. આ પુસ્તકાલયનો વિદ્યાર્થી તથા કાર્યકર્તાઓ લાભ લે છે.

**કોડિયું**

સંસ્થામાં કાર્યરત એવા ઋષિવર્ય સ્થાપકોથી લઈને સમર્પિતભાવે સંસ્થા કાર્યમાં જોડાયેલ કાર્યકર્તાઓએ તેમના અનુભવ, વાંચન-અભ્યાસ અને મૌલિક વિચારોથી કરેલા લખાણોને અનેક સ્વરૂપે સંસ્થાના પ્રારંભથી જ પ્રકાશિત કરવાનું કર્યા કર્યું છે. જેમાં ૧૯૪૫થી પ્રકાશિત થતું માસિક 'કોડિયું' મુખ્ય ગણી શકાય. જે લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા માટેનું માર્ગદર્શન કરતું ગુજરાતનું અગ્રેસર પ્રકાશન બની રહ્યું છે. સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી-કાર્યકરો સાથે માતૃસંસ્થાનો જીવંત સંપર્ક જાળવી રાખવાનુ પણ આ અસરકારક માધ્યમ બની રહ્યું છે. જુદા જુદા પ્રસંગે, 'કોડિયું'ના ૧૮ જેટલા વિશેષાંકો પણ પ્રગટ થયા છે.

વર્ષ દરમિયાન 'કોડિયું' માસિકનું નિયમિત પ્રકાશન કરવામાં આવે છે. હાલ 'કોડિયું'ના ૮૦૦ ગ્રાહકો છે. આ માસિક સામયિક સંસ્થાના સહિયારા પુરુષાર્થથી ખૂબ જ સારી રીતે ચાલે છે. આ વિભાગમાં લોકભારતીના ડૉ. દિનુભાઈ ચુડાસમા, શ્રી પ્રશાંતભાઈ મહેતા અને આંબલાના રવિભાઈ પંડ્યા વિનામૂલ્યે કાર્ય કરે છે, તેઓને ધન્યવાદ.

**ગૌશાળા, છાસ કેન્દ્ર**

- આંબલા ગૌશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૬.૫૦૦ લિટર છે.
- હાલમાં સંસ્થાઓમાં ચાફકટરનો ઉપયોગ કરવામાં આવે છે.
- સંસ્થાઓમાં દૂધ વધે ત્યારે ઘી બનાવવામાં આવે છે. જે વિતરણ કરતાં તેની માંગ વધેલ છે. સંસ્થાઓમાં ગૌશાળા અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી ઉનાળામાં બે માસ દરમિયાન મફત છાસ કેન્દ્રો ચલાવવામાં આવે છે. જેમાં આંબલામાં ત્રણ કેન્દ્રમાં કુલ ૩૦૦ પરિવારને લાભ મળે છે.
- દર વર્ષની જેમ મુંબઈ સ્થિત શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન ટ્રસ્ટ તરફથી ગૌશાળાને સહાય મળેલ.
- વર્ષ દરમિયાન શિહોર તાલુકા પશુ દવાખાન તરફથી તાલુકા અને જિલ્લા કક્ષાનો પશુ નિદાન કેમ્પ યોજાઈ ગયો તેમાં આજુ-બાજુના ગામના માલ ધરાવતા લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો

● તા.૧૨.૦૧.૨૫ના રોજ ગૌશાળામાં ગૌપૂજન કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓ તથા કાર્યકરો દ્વારા ગૌશાળા સફાઈ કરવામાં આવેલ. ત્યાર બાદ લોકભારતી યુનિ.ના પ્રાધ્યાપક શ્રી રામદેવસિંહ ગોહિલના મુખ્ય મહેમાન પદે ગૌપૂજન અને ગોવાળનું પૂજન કરી રામદેવસિંહએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપેલ.

● ગૌશાળામાં પડતર જમીન પર ઘાસ તથા જુવાર કરવાથી બહારથી લીલો કે સૂકો ચારો ખરીદવાની જરૂર પડતી નથી અને ગૌશાળાને જરૂરિયાત મુજબ ચારો થઈ રહે છે.

આંબલા ગૌશાળામાં હાલ નીચે પ્રમાણે પશુઓ છે.

| ક્રમ | પશુની વિગત | આંબલા |
|---|---|---|
| ૧ | દૂઝણી ગાય | ૧૦ |
| ૨ | ગાભણી ગાય | ૦૩ |
| ૩ | ધાવતા વાછરું | ૦૪ |
| ૪ | વોડ્કા | ૧૧ |
| ૫ | ખૂંટ | ૦૨ |
| | કુલ | ૩૦ |

**ખેતી-બાગાયત**

સંસ્થાની કેટલીક જમીનો ખેતી લાયક છે. અહીંની ખેતી ત્રણભાગમાં વહેંચાયેલી છે. ૧.ગૌશાળા માટેની ચારા ખેતી, ૨. બાગાયતી પાકો જેવા કે લીંબુ, આંબા, ચીકુ અને જામફળ. ૩. અનાજ અને રોકડિયા પાકો માટેની ખેતી. ખેતીની સાધારણ આવક સંસ્થાના નિભાવ માટે ટેકારૂપ બને છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના પ્રત્યક્ષકાર્ય માટે અને વાડોલિયાં માટે કેટલીક જમીન અલગ ફાળવેલી છે. અહીં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસના ભાગરૂપે ઉત્પાદક શરીરશ્રમ કરીને એક વિશેષ અનુભવ દ્વારા શ્રમિકો સાથેનું જોડાણ સાધે છે. વાડોલિયામાંથી રસોડાનું આંશિક સ્વાવલંબન થવા ઉપરાંત વધારાના શાકનું વેચાણ કરીને વિદ્યાર્થીઓ ઉત્પાદન કૌશલની સાથોસાથ વેચાણ કૌશલ વિકાસના પાઠો ભણે છે. ગત વર્ષનો અહેવાલ નીચે મુજબ છે.

● પ્રાયોગિક ખેતીમાં આ વર્ષે 'કપાસ'નું વાવેતર કરેલ પરતું કમોસમી વરસાદના કારણે ઉતારો ખૂબ જ ઓછો આવેલ છે. આ ઉપરાંત લીંબુનો ઉતારો પણ ગત વર્ષ કરતાં પ્રમાણમાં સારો રહેલ છે.

● આ વર્ષે કમોસમી વરસાદના કારણે છેટીવાડીએ 'કપાસ'નો ઉતારો ખૂબ જ ઓછો થયો અને ભાવ પણ નથી મળેલ તેથી કપાસના વાવેતરમાં ખર્ચ કરતા આવક ઓછી રહેલ છે. આ ઉપરાંત લીંબુ, ઘઉં, જામફળનો ઉતારો સારો રહેલ તેથી કપાસની ઘટ સરભર થયેલ છે.

● આ વર્ષે છેટીવાડીએ અડદ અને મગ પ્રાયોગિક ધોરણે કરેલ છે.

● આ વર્ષે નર્સરી વિભાગના આંબા, ઈજારા આપેલ અને તેમાં પણ ઉતારો પ્રમાણમાં સારો રહેલ.

● નર્સરી વિભાગની પડતર જમીન ગૌશાળાને લીલોચારો કરવા માટે આપેલ. જેના કારણે બહારથી લીલોચારો ખરીદવો પડેલ નથી.

● નર્સરી વિભાગના લીંબુનો ઉપરાંત આંબા અને લીંબુની વચ્ચે ખાલી જગ્યામાં કપાસ,ઘઉંનું વાવેતર કરવામાં આવેલ હતું.

● આ વર્ષે નર્સરી વિભાગના ચીકુ જે ખૂબ ઉંમર લાયક થયેલ ગયેલ હોવાથી તેને કાઢી નાખવામાં આવેલ અને તે જમીનને લેવલિંગ કરી ઘઉંનું વાવેતર કરવામાં આવેલ છે. આમ આંબલા ખેતીનું પરિણામ ખૂબ જ સારું રહેલ.

## સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ

નઈ તાલીમ શિક્ષણ પ્રણાલીને અપનાવી ગાંધીવિચારને સમર્પિત એવી સૌરાષ્ટ્રની લોકશાળાઓએ એના વ્યાજબી પ્રચાર-પ્રસાર અને સ્વમૂલ્યાંકન દ્વારા દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ એવી કેળવણી આપવા સંગઠિત થવું જરૂરી ઠરાવ્યું. તા.૧૨-૧-૧૯૫૮ના દિવસે પાલીતાણા પાસેના ભૂતડિયા ગામે આવેલી લોકશાળામાં એક સહચિંતન દ્વારા 'સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ'ની સ્થાપના કરવામાં આવી. જેનું માર્ગદર્શન અને સંચાલન ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. લોકશાળાના કાર્યકરોમાં અને વિદ્યાર્થીઓમાં નઈ તાલીમની કેળવણીમાં શ્રદ્ધા ટકી રહે અને આ કેળવણી વધારે ગુણવત્તાસભર બને એ હેતુથી સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને તાલીમી શિબિરો યોજ્યા કરે છે. સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની સ્થાપનાથી નિયમિત રીતે દર વર્ષે ફેબ્રુઆરી માસમાં સમાંતરે કોઈ એક નિશ્ચિત વિષય પર ત્રણેક લોકશાળાઓમાં યોજાતી પાંચ દિવસીય સઘન શિક્ષણ અભ્યાસ શિબિર એ મુખ્ય અને વિદ્યાર્થીઓ માટે યાદગાર પ્રવૃત્તિ બની રહી છે. ગત વર્ષનો અહેવાલ નીચે મુજબ છે.

- તા.૦૧.૦૭.૨૫ના રોજ ત્રિવેણીતીર્થ-કળસાર મુકામે પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીની અધ્યક્ષતામાં સંઘની વાર્ષિક બેઠક મળેલ તેમાં ૨૦ જેટલી લોકશાળાના સંચાલકોશ્રીઓ અને આચાર્યશ્રીઓ હાજર રહેલ. બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પરીક્ષા સમિતિના હિસાબો તેમજ સંઘના હિસાબોને મંજૂર કરવામાં આવેલ તેમજ વર્ષ ૨૦૨૫-૨૬નું વાર્ષિક પરીક્ષા તેમજ સંઘના અન્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તેમજ આગામી વર્ષોમાં કરવાના કામો વિગતે ચર્ચા કરવામાં આવી હતી.
- તા.૦૪.૦૯.૨૫ના રોજ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા, સંઘના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી અરુણભાઈ દવે, શ્રી મનહરભાઈ ઠાકર તેમજ પૂર્વ પ્રમુખ નાનુભાઈ શિરોયાની વિશેષ ઉપસ્થિતિમાં એક ચિંતન બેઠક યોજાઈ તેમાં ખૂબ બહોળી સંખ્યામાં બધી જ લોકશાળાઓમાંથી આચાર્ય,સંચાલક, ગૃહપતિ,ગૃહમાતા, શિક્ષકો વગેરે હાજર રહ્યા. આ બેઠકમાં વડીલોએ માર્ગદર્શન આપ્યું. ઉપરાંત ભાવ.શિ.અધિકારી શ્રી હિતેન્દ્રસિંહ સાથે દરેક સંસ્થાઓના ભરતી અને મહેકમ અનુસંધાને, ગ્રાન્ટ છાત્રાલય ગ્રાન્ટ અને અન્ય પ્રશ્નો, પોલીસી લેવલના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી.
- આંબરડી અને ટાટામ સંસ્થામાં ૬૦મી રેલીના આયોજન માટે લોકભારતી ખાતે આચાર્ય તથા સંચાલકોની બેઠક મળી હતી. તેમાં રેલીની તારીખ તથા તાલીમ અંગેની ચર્ચા કરવામાં આવી હતી.
- સંઘ દ્વારા રેલીની પ્રથમ તાલીમ ગૂજરાત વિદ્યાપીઠમાં યોજાઈ હતી અને બીજી તાલીમ આંબલા મુકામે રાખવામા આવેલ. બીજી તાલીમ દરમિયાન રેલીના આયોજનને આખરી ઓપ આપવામાં આવેલ.
- તા.૧૯.૧૨.૨૫ થી ૨૩.૧૨.૨૫ દરમિયાન સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા ૬૦વર્ષથી ચાલતી ૬૦મી રેલી (ગણિત વિષય) પર શ્રી ભાગીરથી ઉ.બુ. વિદ્યાલય – ટાટમ તથા જીવનશાળા – આંબરડી ખાતે યોજાઈ હતી. આ રેલીમાં રવિકૃપા ટ્રસ્ટ, શિક્ષણ ગુણવતા સંવર્ધન એકમ લોકભારતી યુનિવર્સિટીના સહયોગથી ખૂબ સરસ રહેલ. જીવનશાળા આંબરડી સંસ્થામાં ઉદ્દઘાટનમાં મુખ્ય મહેમાન શ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રી અરુણભાઈ દવે, શ્રી હરિરામબાપુ શતરંગ આશ્રમ, શ્રી ડી.એ.પિયરિયા, શ્રી દીક્ષિતભાઈ એચ. પટેલ તેમજ નિમંત્રિત મહેમાન શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી નારણભાઈ ડાંગર, શ્રી બળુભાઈ ગોડા હાજર રહેલ જ્યારે ટાટમ ખાતે મુખ્ય મહેમાન શ્રી ભારતીબહેન શિયાળ, શ્રી ભરતસિંહ વાઢેર, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી વિક્રમભાઈ પરમાર, શ્રી નારણભાઈ કુલેત્રા, શ્રી પ્રભાતભાઈ યાદવ તેમજ નિમંત્રિત મહેમાન શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી પરેશભાઈ શિરોયા હાજર રહેલ હતા. રેલી દરમિયાન બંને સંસ્થાઓમાં વક્તા તરીકે શ્રી મેહુલભાઈ હરસોરા, શ્રી હરેશભાઈ રાજાઈ, શ્રી દીપિનભાઈ પીપડિયા, શ્રી પાર્થેશભાઈ પંડ્યા, આવેલ. સમગ્ર રેલી દરમિયાન માર્ગદર્શનકશ્રીઓ તરીકે શ્રી મનસુખભાઈ માંડવિયા, શ્રી મેહુલભાઈ ભટ્ટ, શ્રી નાનુભાઈ શિરોયા,

શ્રી જીજીભાઈ ચૌહાણ, શ્રી મનુભાઈ ખીમાણી, શ્રી નાગરભાઈ પટેલ, શ્રી માધુભાઈ નાંદરિયા, શ્રી રમેશભાઈ મકવાણાએ કમાન સંભાળી હતી, સમગ્ર રેલી દરમિયાન પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, મંત્રી શ્રી જસવંતભાઈ કાકડિયા, મંત્રી શ્રી સંજયભાઈ કાત્રોડિયા, મંત્રી શ્રી વાઘાજીભાઈ કરમટીયાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમાપન સંમેલનમાં આંબરડી મુકામે શ્રી પુરષોતમભાઈ રૂપાલા, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી ભરતભાઈ કે.બોઘરા, શ્રી અલ્પેશભાઈ ઢોલરિયા, શ્રી હિંમતભાઈ ગોડા હાજર રહેલ. જ્યારે ટાટમ મુકામે શ્રી નિમુબહેન બાંભણિયા, શ્રી અરુણભાઈ દવે, શ્રી ગૌતમભાઈ પટેલ હાજર રહેલ.

**બાલવાડી**

બાલવાડી એ પ્રાથમિકશાળામાં દાખલ થતાં પહેલાં બાળકોને તૈયાર કરવાનું એક મહત્ત્વનું કાર્યક્ષેત્ર છે. આ વિચારથી ગામમાં જયારે એક પણ આંગણવાડી નહોતી ત્યારે પૂ.નાનાદાદાની સ્મૃતિમાં બાલવાડી શરૂ થઈ. પરંતુ થોડા સમયથી બંધ હતી. અને મકાન પણ જર્જરિત થઈ ગયું હતું. આ અંગે ટ્રસ્ટી મંડળમાં ચર્ચા કરવામાં આવી અને બાલવાડીનું પુનઃનિર્માણ કરવાનો નિર્ણય લીધેલ આથી શ્રી અરુણભાઈ દવે, અને નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટએ દાતાઓ, ગ્રામજનો, તથા પૂર્વ વિધાર્થીઓ સાથે પત્ર તથા ટેલિફોનિક વાત કરી હાલ બાલવાડીને પુનઃનિર્માણ કાર્ય શરૂ છે. આ બાલવાડીની સાથે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માર્ગદર્શનથી ગર્ભસંસ્કાર શિશુ પરામર્શન કેન્દ્ર, પીડીલાઇટના માર્ગદર્શનથી કૌશલ્યવર્ધન કેન્દ્ર અને પીડીલાઇટના ગ્રામદક્ષિણામૂર્તિ મણારના કૃષિ-બાગાયત સંશોધન કેન્દ્રના સહયોગથી ખેડૂતો માટે કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ - રાજકોટ, ગ્રામસ્વરાજ મંડળ- રાજકોટ, તથા ગ્રામજનો તરફથી આર્થિક સહયોગ મળેલ છે. બાલવાડીમાં રૂપિયા ૬ લાખના બાળકો માટે રમત ગમતના સાધનો ફીટીંગ કરવામાં આવેલ છે. બાલવાડી માટે એક શિક્ષકા બહેન રોકવામાં આવેલ છે. આપણી જૂની પ્રણાલી મુજબ બાળકો બાળગીતો, પ્રાર્થના, રમકડાં રમવા, માટીકામ, ચિત્રકામ શીખી રહ્યા છે. હાલ ૨૦ થી ૨૫ ગામના બાળકો તેનો લાભ લઈ રહ્યા છે.

**સંસ્થા મુલાકાત**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને મણાર બંને સંસ્થાની મુલાકાત લેવા આવનાર દાતાઓ, પૂર્વ વિધાર્થીઓ નઈ તાલીમ સમજવાની કોશિશ કરનાર યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણ વધી રહી છે. તેમજ સંસ્થામાં નવી શરૂ થયેલ મોજીલીશાળાની પ્રગતિ અને કામગીરી જોવા અને સમજવા અને સંસ્થામાં શૈક્ષણિક કાર્યક્રમો તથા સરકારશ્રીના આદેશ મુજબ અનેક દિનની ઉજવણી કરવાના કાર્યક્રમો વધતાં સંસ્થામાં મહેમાનો આવવાની સંખ્યામાં પણ વધારો થયો છે. આમ અનેક વરિષ્ઠ વ્યક્તિઓ, સ્કૂલોના કાર્યકરો સાથે વિધાર્થીઓ શુભેચ્છા મુલાકાતે આવી ગયેલ છે.

**સમાપન**

સંસ્થા અત્યારે ૮૭ વર્ષની લાંબી મજલ કાપી ૮૮માં વર્ષમાં પ્રવેશી છે. આટલો લાંબો પંથ કાપવામાં ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના સૌ હોદેદારો મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી, વિભાગીય વડાશ્રીઓ, સર્વે કાર્યકર્તાશ્રીઓ, પૂર્વ અને વર્તમાન વિધાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ, વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસના કાર્યોમાં સહયોગ આપનાર સૌ દાતાશ્રીઓના નામોલ્લેખ અહી શક્ય નથી, નાના-મોટા સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

## ૦૨ ગ્રામદક્ષિણામૂર્તિ મણાર : વાર્ષિક નિવેદન (જાન્યુઆરી ૨૦૨૫ થી ડીસેમ્બર ૨૦૨૫)

**ડાયાભાઈ ડાંગર**

સૌ ને નમસ્કાર

ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર પરિવાર તરફથી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું.ગત વર્ષ એટલે કે ૨૦૨૫-૨૬ નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા આનંદ અનુભવું છું. ગત વર્ષ દરમ્યાન આપણી શાળામાં અનેકવિધ પ્રવૃત્તિ કરવામાં આવી. આખું વર્ષ સરસ રીતે પસાર થયું, દરેક વિભાગ પ્રમાણે આયોજન મુજબ અતિ સુંદર કાર્યો થયા જે નીચે પ્રમાણે છે. આ સમયે અમારી છત્રછાયા સમા આદરણીય સ્વર્ગસ્થ પ્રવીણદાદાને ચિરસ્મરણીય વંદન કરીએ છીએ.

**શૈક્ષણિક ગૌરવ અને સિધ્ધિઓ**

● તારીખ ૫/૫/૨૦૨૫ના રોજ જાહેર થયેલ ધોરણ ૧૨નું શાળાનું પરિણામ ૧૦૦% ટકા આવ્યું. તે બદલ ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરે ,ઉ.મા.વિભાગના શિક્ષકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ ને ૧૦૦% પરિણામ લાવવા બદલ અભિનંદન પાઠવ્યા , પ્રથમ ક્રમે રાઠોડ રાહુલભાઈ ધુડાભાઈ-૮૭.૬૦ ટકા દ્વિતીય ક્રમે હાડગરડા ભરતભાઈ રાજુભાઈ -૮૬.૮૦% અને તૃતીય ક્રમે જાંબુચા કરીનાબેન યોગેશભાઈ - ૮૬.૪૦ ટકા મેળવીને સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

● તારીખ ૦૮/૦૫/૨૦૨૫ના રોજ ધોરણ ૧૦ નું શાળાનું પરિણામ ૯૫.૭૪% જેવું સરસ આવ્યું. જેમાં પ્રથમ ક્રમ દિહોરા જીલ મગનભાઈ એ પ્રાપ્ત કર્યો.

● સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત ૫૯મી રેલીમાં ધોરણ ૯ના વિદ્યાર્થી સાથે શિક્ષક શ્રી વિનોદભાઈ વાઘેલા આંબલા મુકામે ૫ દિવસ ગયેલ.

● તારીખ ૧૯ ડીસેમ્બર ૨૦૨૫થી ટાટમ મુકામે 'ગણિત' વિષય સાથે ૬૦મી શિક્ષણ સંગોષ્ઠિનું આયોજન થયું,જેમાં વિદ્યાર્થીઓએ સંસ્કૃતિક કાર્યક્રમો ,મેદાની કાર્યક્રમો ગણિત પ્રદર્શન તેમજ સંસ્થા પરિચયની રજૂઆત કરી. વિદ્યાર્થીઓ સાથે પૃથ્વીરાજસિંહ ,વિનોદભાઈ અને મિત્તલબેન સામેલ થયેલ.

● ત્રીજી જાન્યુઆરીના રોજ પાણીયાળી ગામે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ (NSS)નાં સ્વયંસેવકો એ "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત ગામ સફાઈ કરી હતી. ગ્રામજનોને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા. અને સંકૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ડી.ઈ.ઓ. ઓફીસના ઈ.આઈ.શ્રી સુવા સાહેબ તથા આચાર્ય શ્રી કલ્પેશભાઈ કેરાસીયાએ હાજરી આપી હતી, તેમજ આ વર્ષે તારીખ ૧૯ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી ભદ્રાવળ નં. ૩ મુકામે વાર્ષિક (NSS) શિબિર યોજાઈ ગઈ જેમાં કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ભાવનાબહેન પાઠકે ખાસ હાજરી આપી હતી.

● ૩૦ ઓગષ્ટ ૨૦૨૫નાં રોજ લોકશાળા મણારને "નેશનલ ફ્લેગ ડે ૨૦૨૪" અંતર્ગત નેત્રહીનોનાં કલ્યાણાર્થે સમગ્ર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શ્રેષ્ઠ ફંડ ( ૧,૪૪,૯૯૦ રૂપિયા પુરા ) એકત્ર કરવા બદલ ભાવનગર કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના કુલપતિ શ્રી ભરત રામાનુજસાહેબ-હસ્તે લોકશાળા મણારને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.

● GCERT ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ બાળ

વૈજ્ઞાનિક પ્રદર્શનમાં શિક્ષક શ્રી ગોહિલ પૃથ્વીરાજસિંહ સાથે ધોરણ ૧૦ના બે બાળ વૈજ્ઞાનિકોએ ઝોનકક્ષાએ આપણી કૃતિનું પ્રદર્શન કર્યું .

● તારીખ ૯/૧/૨૦૨૫ના રોજ વાર્ષિક ઉત્સવના મુખ્ય વક્તા તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ટી.એસ. જોશી સાહેબ-ઉપસ્થિત રહી 'વાર્તાઓ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ' પર પ્રવચન આપી સૌને મંત્રમુગ્ધ કર્યા.

● ૧૦,૧૧ જાન્યુઆરી નાં રોજ 'આશાએ' વાર્ષિક સંમેલન યોજાયું મૃદા ફાઉન્ડેશન દ્વારા આયોજિત વિવિધ રમતોનાં રમતોત્સવમાં આસપાસની આઠ ગામની પ્રાથમિક શાળાઓ જોડાઈ હતી. દરેક વિદ્યાર્થીએ પોતાના શિક્ષક સાથે લોકશાળા મણારનાં મેદાન પર વિવિધ રમતોમાં ભાગ લીધો,ત્યાર બાદ ગણિત,વિજ્ઞાન પ્રદર્શન યોજાયું,, ઇનામ વિતરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

● ૧૬ જાન્યુઆરીના રોજ ભાઈઓ બહેનો રાસ સ્પર્ધામાં જઈ આવ્યા.

● ૨૭ મી જુલાઈ ગુજરાત નઈ તાલીમ સંઘ આયોજિત 'ગુજરાત વિદ્યાપીઠ' અમદાવાદ ખાતે સંમેલનમાં આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગર, નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ, ગૃહપતિ શ્રી ભાવેશભાઈ જાંબુચા, શ્રી કંચનબેન થડોદા જઈ આવ્યાં. નઈ તાલીમ NEP-૨૦૨૦નું સામ્ય બુનિયાદી શાળાઓના અગ્રણીઓ તથા શ્રી અરુણભાઈ દવે , શ્રી મનસુખભાઈ માંડવીયા તથા વિદ્યાપીઠનાં કુલપતિ વગેરે દ્વારા નઈ તાલીમ સંઘનાં પ્રમુખ દીપુબા દેવડાએ પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું .

● ૨૬ જાન્યુઆરીનાં રોજ લોકશાળા મણારની એક ટીમે સિહોર મુકામે જિલ્લા કક્ષાના પ્રજાસતાક પર્વમાં પીરામીડ રજૂ કરેલ જે બદલ આપણા શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરનાં હસ્તે શાળાનાં કોચ શ્રી વિપુલભાઈ સરવૈયાને સીલ્ડ અર્પણ કરી સન્માનિત કરેલ.

● બીજી ફેબ્રુઆરીથી શાળાના શિક્ષક શ્રી લાલજીભાઈ ખેરાળા ૪૫ દિવસની એન.સી.સી. ઓફિસરની તાલીમ મહારાષ્ટ્રમાં લઈ આવ્યા.

● છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ 'મા ફાઉન્ડેશન' દ્વારા શાળામાં કારકિર્દી માર્ગદર્શન કેમ્પ યોજાયો ,જેમાં કારકિર્દીલક્ષી માર્ગદર્શન સ્માર્ટ બોર્ડ દ્વારા આપી સરસ ઉપયોગી માહિતી આપવામાં આવી .

● ૮ ફેબ્રુઆરીના રોજ અલંગ મરીન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ શ્રી ખાટ સાહેબ તથા સ્ટાફ દ્વારા સાઈબરક્રાઈમ અવર્નેસ અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

● તા. ૧/૫/૨૫ ના રોજ ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી .

● ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો દસ દિવસનો એન.સી.સી.કેમ્પ સીદસર ભાવનગર મુકામે કોચ શ્રી લાલજીભાઈની આગેવાની હેઠળ યોજાઈ ગયો. તમામ વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓનો લાભ મળ્યો જેવી કે રાઈફલ શુટિંગ ,બોટિંગ વગેરે ...

● મણાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં 'વ્યસન મુક્તિ' કાર્યક્રમ અંતર્ગત શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

● ૨૧ જુલાઈથી 'સુરક્ષા સેતુ સોસાયટી ભાવનગર દ્વારા આયોજિત સ્વ સુરક્ષા સેતુ સપ્તાહ ઉજવાઈ, જેમાં મરીન પોલીસ સ્ટેશન અલંગથી મહિલા પોલીસ સ્ટાફ સહીત વિદ્યાર્થિનીઓને 'સ્વ સુરક્ષા' કેવી રીતે થઈ શકે તેની એક સપ્તાહ સુધી તાલીમ આપી અને પ્રમાણ પત્ર એનાયત કર્યા.

● શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થી અને થોરડીની સરકારી સ્કૂલમાં હાઈ-સેકન્ડરી વિભાગમાં અંગ્રેજી શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી લાલજીભાઈ ડાભીએ તેમના શાળા સમયના સંસ્મરણો વાગોળ્યા. તેમની સાથે અમદાવાદથી મોટીવેશનલ સ્પીકર શ્રી નરેન્દ્રભાઈ ડાભીએ વિદ્યાર્થીઓને મોટીવેશન સ્પીચ આપી.

● ઓગષ્ટ માસનાં પ્રથમ સપ્તાહમાં 'સંસ્કૃત' સપ્તાહ તરીકે ઉજવણી થઈ, જેમાં નાટિકા, પ્રાર્થના, શ્લોક ગાન, જેવી તમામ પ્રસ્તુતિ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી .

● પાંચ સપ્ટેમ્બરના રોજ શાળામાં 'સ્વયં શિક્ષક દિનની' ઉજવણીમાં શૈક્ષણીક અને બિન શૈક્ષણિક કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું વર્ગખંડમાં સ્માર્ટ બોર્ડ તેમજ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી સુંદર કાર્ય થયું. આ સાથે ૫૦૦૧ જેટલું ફંડ એકત્ર કરી D.E.O કચેરીએ અર્પણ કર્યું.

● 'નમો કે નામ રક્તદાન' અંતર્ગત વડાપ્રધાનના જન્મદિને કાર્યકરો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું.

● N.C.C યુનિટ- શ્રી લાલજીભાઈ ખેરાળા દ્વારા 'વિશ્વ રીવર ડે' નિમિત્તે ભાવનગરના પી.આઈ. સ્ટાફ અને ધોરણ ૧૦ના N.C.C કેડેટ દ્વારા નદી કાંઠાની સફાઈ તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

● બીજી ઓક્ટોબર 'ગાંધીજયંતિ'ની શાળામાં ઉજવણી કરવામાં આવી તેમાં પ્રભાત ફેરી , પ્રાર્થના ,ગાંધીગીતો અને ગાંધીવિચાર અંગે સરસ રજૂઆત આચાર્ય શ્રી ડાંગરભાઈએ કરી હતી .

● ધોરણ-૯ /૧૦ નાં વિદ્યાર્થીઓ GCERT આયોજિત વિજ્ઞાન ,ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં રાજપરા મુકામ ભાગ લેવા જઈ આવ્યા.

● વર્ષ ૨૦૨૫/૨૬ના વાર્ષિક નિરિક્ષણ નિમિત્તે શિક્ષણઅધિકારી-ભાવનગરથી અધિકારીની ટીમ શાળા મુલાકાત માટે આવી ગઈ સંસ્થાની વિવિધ ક્ષેત્રે સિદ્ધિઓથી તમામ અધિકારીઓ પ્રભાવિત થયેલ તેમજ વિદ્યાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન આપેલ.

● જાન્યુઆરી ૨૦૨૫થી ડીસેમ્બર સુધીમાં લોકભારતી સણોસરા ,ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને બી.આર.એસ કૉલેજ ડુમીયાણીથી હાલ સુધીમાં વિવિધ કૉર્સ જેવા કે B.R.S , B.Ed ,D.P.Ed કરતા બારેક જેટલા તાલીમાર્થીઓએ સંસ્થામાં તાલીમ મેળવી.

**ખેલ મહાકુંભ , કલા મહાકુંભ , યુવા ઉત્સવ અને શાળાકીય રમતોત્સવમાં સંઘર્ષથી સફળતા સુધીઃ**

'પરસેવાની મહેનત જયારે મેદાન પર રંગ લાવે, ત્યારે જ ઇતિહાસ રચાય છે.'

● ૨૦ નવેમ્બરથી ચાલુ થયેલ વિવિધ સ્પર્ધામાં લોકશાળા મણારના ખેલાડીઓનું વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું. કુલ મળીને ૧,૧૮૦૦૦ જેટલી રકમ જીતી સંસ્થાનું નામ રોશન કર્યું.

● ૫૯ મી રાજ્ય કક્ષાની(SGFI THANG-TA) માર્શલ આર્ટ અન્ડર ૧૭ ભાઈઓ બહેનોની સપર્ધામાં શાળાએ ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી. જેમાં ધોરણ ૧૧ નાં મકવાણા મિલનભાઈ અને મકવાણા દક્ષાબેનએ રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર (ગોલ્ડ મેડલ) મેળવી, શાળાનું, ગુજરાત રાજયનું ગૌરવ વધારી રાષ્ટ્રકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. આટલુ જ નહિ પરંતુ બે ગોલ્ડ, ચાર સિલ્વર અને એક બ્રોન્જ મેડલ પ્રાપ્ત કરેલ છે.

● ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬ અંતર્ગત જુડો , ટેક્વેન્ડો, કુસ્તી, કરાટે અને જુડો સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ૫ ગોલ્ડ મેડલ,૧૪ સિલ્વર મેડલ અને ૨૨ બ્રોન્જ મેડલ પ્રાપ્ત કરેલ છે . જેમાંથી ૧૯ જેટલા વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ શાળાનું

પ્રતિનિધિત્વ કરશે.

● બીજી ઓગષ્ટના રોજ કલા ઉત્સવમાં ૬ થી ૧૪ વર્ષનાં વય જુથમાં બહેનોનો ગરબો પ્રથમ ક્રમે તથા ૧૪થી ૨૦ વયજૂથમાં બહેનોનો ગરબો દ્વિતીય ક્રમ તથા સમૂહગીતમાં બીજો ક્રમ દિહોર મુકામે યોજાયેલ સ્પર્ધામાં મેળવ્યો .

● તારીખ ૧૮,૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ જિલ્લાકક્ષાના કલા મહાકુંભમાં ૬ થી ૧૪ વર્ષ વયજૂથમાં ધોરણ ૯ બહેનો પ્રાચીન ગરબામાં ત્રીજા ક્રમે અને ૧૫ થી ૨૦ વર્ષ વયજૂથમાં ધોરણ ૧૧,૧૨-ના ભાઈઓએ રાસમાં શિશુવિહાર સંસ્થા-ભાવનગર ખાતે ભાગ લેવા માટે જઈ આવ્યા.

● તળાજા તાલુકાના S.V.S કક્ષાના કલા ઉત્સવમાં શાસ્ત્રીયસંગીત, ગાયન,વાદન અને ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી નંબર પ્રાપ્ત કરી રોકડ ઇનામો પ્રાપ્ત કર્યા .

● રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં ૨૭ ડીસેમ્બરના રોજ શાળાની બહેનોની ટીમે લોકનૃત્ય રજૂ કર્યું હતું

● ૫ ડીસેમ્બરનાં રોજ તળાજા તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ લોકશાળા-મણારમાં યોજાઈ ગયો.

**શૈક્ષણિક પ્રવાસ**

● ધોરણ ૯ અને ૧૦ નાં વિદ્યાર્થીઓનો એક દિવસીય પ્રવાસ બીજી ડિસેમ્બરના રોજ યોજાયો જેમાં ચોટીલા , સાળંગપુર, કુંડળ ધામ ,રાજપરા-ખોડીયાર તેમજ સિહોર સર્વોતમ ડેરીની મુલાકાત કરી.

● તારીખ ૪ અને ૫ ડીસેમ્બરના રોજ ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજવામાં આવ્યો જેમાં દીવનો કિલ્લો ,સાસણ-ગીર, સોમનાથ,પરબધામ જગડુશા આશ્રમ,કાગવડ સ્થળોની મુલાકાત લીધી હતી.

**પંડિત સુખલાલજી વ્યાખ્યાન માળા મણકો - ૩૩**

● તારીખ ૧૦/૦૮/૨૦૨૫ના રોજ મૃદુલાબહેન પ્રવીણભાઈ મહેતા પ્રેરિત 'પંડિત સુખલાલજી' વ્યાખ્યાનમાળા મણકો- ૩૩નો કાર્યક્રમ યોજાયો જેમાં મુખ્ય વક્તા શ્રી આઈ.કે.વીજળીવાળા 'માનવતા એજ ધર્મ' વિશે વિશાળ જનમેદનીને સાદી સરળ શૈલીમાં ભાવવિભોર કર્યા. જેમાં પરોપકારની ભાવના, પ્રેમ, કરુણતાના વિવિધ દ્રષ્ટાંતો આપ્યા. મહેમાનશ્રીનો આવકાર પરિચય સંસ્થાના નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટે આપેલ. ધોરણ ૧૨ના અણજારા ધ્રુવભાઈએ પંડિત સુખલાલજીના જીવન પરિચય વિશે તેમજ ધોરણ ૧૨ના વિદ્યાર્થિની મહેરા જિજ્ઞાબહેને સ્વ. મૃદુલાબહેન મહેતાના જીવન વિશે પોતાની આગવી શૈલીમાં મૌલિક પરિચય કરાવ્યો. વક્તાશ્રીનું સન્માન પ્રવીણભાઈ મહેતા, શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને શ્રી મેહુલભાઈ દ્વારા કરવામાં આવ્યું. તમામ સ્ટાફગણ અને કાર્યકરોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહેનત ઉઠાવી સફળ બનાવ્યો.

**નિવૃત્ત અને પ્રવૃત્ત કર્મચારીઃ**

● ૨૬ જુલાઈના રોજ વય- નિવૃત્ત થનાર અને અન્ય સ્થળે જનાર સહીત ચાર વ્યક્તિઓનો વિદાય સમારોહ તેમજ શાળામાં નવાં આવનાર શિક્ષકનો આવકાર કાર્યક્રમ યોજાયો. (૧) નિયામક પદેથી નિવૃત્ત-શ્રી સુરસંગભાઈ ચૌહાણ (૨) ગૃહપતિ પદેથી નિવૃત્ત- ગૃહપતિ શ્રી નીતિનભાઈ રામાણી (૩) શિક્ષક પદેથી નિવૃત્ત- શ્રી પ્રવીણભાઈ ડોડીયા (૪) વતન લાભ મેળવીને વતનમાં ગયેલ શ્રી અંકુરભાઈ શાહનો વિદાય કાર્યક્રમ તેમજ વતન લાભ મેળવીને શાળામાં હાજર થનાર

શ્રી ભરતભાઈ દવે (અનુભવી શિક્ષક) (૫) તેમજ મિત્તલબેન સોલંકીને આવકારવામાં આવ્યા સાથે-સાથે ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થી ભાઈઓ -બહેનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આ સમારોહમાં પ્રસંગોચિત ઉદબોધન મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે , શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ , નવનિયુક્ત નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ તેમજ વિદાય લઈ રહેલા તમામને 'સન્માન પત્ર' નું વાંચન કરી એનાયત કરવામાં આવ્યા.

● તારીખ ૨૮ /૦૯ ૨૦૨૫ના રોજ આપણા કેમ્પસમાં ચાલતી પ્રાથમિક શાળાના શ્રીમતી વિજયાબહેન જાંબુચા વયનિવૃત્ત થતાં તેમનો 'વિદાય સમારોહ' મણાર સંસ્થામાં યોજાયો. જેમાં સૌ સંસ્થા પરિવારે હાજરી આપી સંસ્થા પરિવારનાં તમામ વિદ્યાર્થી ભાઈઓ બહેનો તેમજ કુટુંબીજનોને પરિવાર સાથે ભોજન કરાવવામાં આવ્યું.

**છાત્રાલયમાં સહઅભ્યાસક પ્રવૃત્તિઓ**

● ૧૪ જૂન શનિવાર રાત્રે મનોરંજન કાર્યક્રમમાં કલાકાર શ્રી લાલુદાન ગઢવી બેન્જા વાદક પરસોત્તમભાઈ જેઠવા ગાયક શ્રી સાગરભાઈ તબલાવાદક મહેન્દ્ર ડાભી તેમજ વિદ્યાર્થીઓની કૃતિઓ સાથે રંગારંગ લોકડાયરો યોજાયો હતો .

● ૧૫ જુલાઈના રોજ મણાર આરોગ્યકેન્દ્ર દ્વારા ધોરણ -૧૦નાં વિદ્યાર્થીઓને ડીપ્થેરીયા અને ધનુરની રસી મુકવામાં આવી.

● ૧૭ જુલાઈના રોજ સાયં પ્રાર્થનામાં લોકસાહિત્યકાર શ્રી પોપટભાઈ માલધારીએ લોકસાહિત્યની રસલ્હાણ કરાવી.

● તારીખ ૨૫ સપ્ટેમ્બરના રોજ સ્વર્ગસ્થ પ્રવીણભાઈ મહેતાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ભજન-ધૂનનો કાર્યક્રમ યોજાયો.

● તારીખ ૨૨/૧૧/૨૦૨૫ અને શનિવારની રાત્રે લાલુદાન ગઢવી ,રઘુભાઈ (રઘું રમકડું ) તબલાવાદક અને વિદ્યાર્થીઓએ લોકડાયરાની રમઝટ જમાવી હતી.

● સંસ્થામાં ચાલતા ગૃહઉદ્યોગ વિભાગમાં નેચરલ વસ્તુઓનો ઉપયોગ કરી ગુલાબ ,લીમડાનાં ન્હાવાના સાબુ બનાવતા શીખવ્યું

**રસોડા વિભાગ**

● તારીખ ૨૨/૦૯/૨૦૨૫ થી તારીખ ૦૧/૧૦/૨૦૨૫/ સુધી શાળામાં "નવરાત્રી મહોત્સવ " ઉજવાયો તેમાં આરતી , ગરબી તેમજ દરેક દિવસે સ્ટાફગણ તથા તમામ કર્મચારી દ્વારા સુરુચિ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. તેમ જ એક દિવસે આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગર તરફથી સમૂહભોજન કરાવવામાં આવ્યું.

● વિપુલભાઈ સરવૈયાની દીકરી તથા ડાહ્યાભાઈ ડાંગરના જન્મદિવસ નિમિત્તે તમામ વિદ્યાર્થી તથા સ્ટાફગણને સમોસા તેમજ પાણી-પૂરી ખવડાવવામાં આવી.

● તારીખ ઓગણીસ ફેબ્રુઆરીના રોજ શાળા કાર્યકર શ્રી ભાવેશભાઈ જાંબુચાનાં લગ્ન પ્રસંગ નિમિત્તે સંસ્થા પરિવારે સમૂહમાં ભોજન ,રસ ગરબી તેમજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થી સાથે સમૂહફોટો સેશન પણ યોજાયું .

● તારીખ ૨૨ ફેબ્રુઆરીના રોજ ધોરણ ૧૦ નો શુભેચ્છા અને ધોરણ ૧૨નો વિદાય સમારોહ કાર્યક્રમ યોજાયો જેમાં મુખ્ય મહેમાન ભુતપૂર્વ વિદ્યાર્થી પંકજભાઈ મકવાણા હાજર રહ્યા હતા અને તેઓએ તમામ વિદ્યાર્થીઓને આઇસ્ક્રીમ

ખવડાવ્યો હતો.

● મણાર ગામના પ્રતિષ્ઠિત નાગરિક શ્રી પોપટભાઈ બાથાણીનાં મોટાબાનું ૧૦૧ વર્ષની વયે નિધન થતા તારીખ ૨૯/૧૨/૨૦૨૫ના રોજ બધાજ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને ભોજન કરાવ્યું.

● શિયાળો શરુ થતા જ પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ચાલતા ગૃહઉદ્યોગ વિભાગમાં ચીક્કી બનાવાની સીજન પૂરબહારમાં ખીલી છે. અનેક બહેનો આ દ્વારા રોજગારી મેળવી રહી છે. લોકોને શુદ્ધ વસ્તુઓમાંથી બનતી પેદાશ મળી રહી છે , જેમાંથી બે વખત રસોડે પણ વિદ્યાર્થીઓ માટે ચીક્કી મંગાવી નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

## વિવિધ રાષ્ટ્રીય અને સંસ્કૃતિક તહેવારોની ઉજવણી

● ૧૪ જાન્યુઆરી ઉતરાયણ નિમિત્તે ગોશાળા સફાઈ , ગોપૂજન કાર્યક્રમ બાદ સમૂહમાં સૌએ સાથે મળીને શેરડી ખાધી સ્વયં વિદ્યાર્થીઓએ બનાવેલા મમરાના લાડુ તેમજ દાળિયાનાં લાડુ સિંગની સિક્કી ખાવાની મજા માણી.

● ૧૦ જુલાઈ ગુરુપૂર્ણિમા દિનની વિશેષ ઉજવણી લોકશાળા મણારથી ૭ કિલોમીટર દૂર પ્રકૃતિનાં ખોળે આવેલ ધાર્મિક સ્થળ 'પોહરિઆઈ'ના મંદિરે એક દિવસનો પગપાળા પ્રવાસ યોજાયો, મંદિર અને તેનાં આજુબાજુના પરિસરની સફાઈ 'સ્વચ્છતા અભિયાન 'તથા' 'પ્લાસ્ટિક મુક્ત ભારત' અંતર્ગત એન.એસ.એસ યુનિટ તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા સફાઈ ઝુંબેશ ઉપાડવામાં આવી , કથાકાર શાસ્ત્રી શ્રી નરેશબાપુએ ગુરુપૂર્ણિમા નિમિત્તે વક્તવ્ય આપ્યું. આચાર્યશ્રીએ ગુરૂ-શિષ્યનો મહીમાં સમજાવ્યો .

● તારીખ ૯/૦૮/૨૦૨૫ના રોજ શાળામાં રક્ષાબંધન કાર્યક્રમની હોશભેર ઉજવણી થઈ, જેમાં મુખ્ય મહેમાન અને વક્તા ક્લાસ-૨ અધિકારી અને મોડેલ સ્કૂલના આચાર્ય શ્રી વિશાલભાઈ રાજયગુરુની ઉપસ્થિતિમાં અને સંગીતવૃંદનાં સથવારે કૃષિ બાગાયત કેન્દ્ર મણાર ખાતે યોજાયો. સૌએ સમૂહભોજન લીધું.

● ૨૬ જાન્યુઆરીના રોજ શાળામાં પ્રજાસતાક પર્વની ઉજવણી કરવામાં આવી

● ૧૦ ઓગષ્ટનાં રોજ રેલી દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

● બીજી ઓકટોબરના રોજ ગાંધીપ્રદર્શન થયું તેમજ ગૂજરાત વિદ્યાપીઠમાંથી આવેલ તાલીમાર્થી બહેને ગાંધીજીની શોર્ટફિલ્મ વિદ્યાર્થીઓને બતાવી.

## મોજીલું શિક્ષણ અભિયાન

● તારીખ ૦૯/૦૬/૨૦૨૫ના રોજ મોજીલા શિક્ષણ અભિયાન પ્રોજેક્ટમાં દિહોરા વિમલભાઈ નવનિયુક્ત થયાં.

● પીડીલાઇટ અંતર્ગત મોજીલું શિક્ષણ અભિયાન અંતર્ગત એક દિવસીય ગ્રીષ્મશિબિરમાં શ્રી રાજુભાઈ ચૌહાણ સમર કેમ્પમાં જઈ આવ્યા જેમાં અલંગ-ગામ અને મણાર કુમાર પ્રા. શાળામાં બાળકો બહોળી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા અને બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.

● તળાજા તાલુકાની ૪૪ શાળાઓમાં મોજીલા શિક્ષણ અંતર્ગત 'મોજીલું શિક્ષણ ફેજ-૨-રાઉન્ડ ૫'ની તાલીમ લઈને દરેક શાળાઓમાં ઉત્સાહભેર નવી નવી પ્રવૃત્તિઓ કરાવડાવી. તેમજ તાલુકાકક્ષાના અને જિલ્લાકક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં બંને મોજીલા મિત્રો જોડાયા હતા.

## ગોશાળા વિભાગ

- ગોશાળામાં ગાયો માટે નવો મોટો શેડ બન્યો.
- હાલમાં ગોશાળામાં ૧૦૫ જીવ છે. જેમાં દુઝણી ગાયો ૧૯, ઘરડીગાયો ૯ છે એક વર્ષથી નીચેના વાછરું ૨૧, ૨૨ વાછરડા, ૧ ખૂટ , ૧૦ ગાભણ ગાયો ૧૮ વાછરડીઓ છે.
- તેમજ આ વર્ષે એક બળદની જોડ ખરીદવામાં આવી .
- ખેતી અને કૃષિ બાગાયત વિભાગ
- નવરાત્રીમાં પણ માવઠું થયું હતું. કમોસમી વરસાદે તો માજા મૂકી હતી. ઓક્ટોબરના અંત ભાગમાં સતત વરસાદ ચાલુ રહ્યો તેનાથી મગફળી અને કપાસના પાકને નુકશાન થયું હતું. ગાયો માટેના ઘાસચારાને પણ બહુ મોટું નુકશાન થયું . દિવાળીથી લઈને દેવ દિવાળી સુધીનો આવો કમોસમી વરસાદ ક્યારેય થયો નથી અને આ વખતે નદીઓ તળાવો ડેમો ચોમાસામાં નહોતા છલકાયા તે છલકાઈ ગયાં હતાં. જેનાથી મગફળી, જુવાર અને આંબાઓને ભારે નુકસાન થયું છે.
- સંસ્થામાં પીડીલાઈટના સહયોગથી એક નવું ટ્રેક્ટર ખરીદવામાં આવ્યું. જે ટ્રેક્ટરનાં ઉપયોગથી લોક ૧ ઘઉંનું ૧૨૫ વિઘામાં વાવેતર કરવામાં આવેલ છે .
- સાથીભાઈઓ માટે ૬ નવા બાથરૂમ બનાવવામાં આવ્યા છે.

## કૃષિ - બાગાયત વિભાગઃ

- મશરૂમ ઉત્પાદનમાં છેલ્લા ૩ વર્ષની સફળતા બાદ આ વર્ષે પણ મણાર કેન્દ્રમાં તાજા બટન મશરૂમનું ઉત્પાદન ચાલુ છે અને મશરૂમ અલંગ અને ભાવનગર શાક માર્કેટમાં વેચાણ પણ થઈ રહ્યું છે. નોંધનીય એ છે કે કેન્દ્રની સફળતા બાદમણાર કેન્દ્રની ટીમ દ્વારા તકનીકી માર્ગદર્શનથી મહુવાના એક ખેડૂતે વ્યવસાયિક સ્તરે બટન મશરૂમનું ઉત્પાદન શરુ કર્યું છે.
- તાજેતરમાં, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઔષધિય અને સુગંધિત પાકની ખેતી, ખેડૂત જાગૃતિ, મૂલ્યવર્ધન અને ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવા માટે ડાયરેકટર ઓફ મેડિસિનલ એન્ડ એરોમેટિક પ્લાન્ટ્સ રિસર્ચ સાથે MoU કરવામાં આવ્યું.
- ચાલુ વર્ષ દરમિયાન, ICAR-NRCSS (નેશનલ રિસર્ચ સેંટર ફોર સીડ સ્પાઇસ)ના સહયોગથી મણાર, માઈધાર અને આંબલા ક્લસ્ટરમાં કુલ ૨૮૫ એકર વિસ્તારમાં ધાણા, જીરું, વરિયાળી, મેથી અને અજવાઇન સહિત બીજ મસાલા પાકોની ખેતી કરવામાં આવી છે. એકંદરે, બીજ મસાલાની ખેતી હેઠળનો કુલ વિસ્તાર વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫ એકરથી વધીને ૬૪૩ એકર થઈ ગયો છે.

## મહિલા સ્વ-સહાય જૂથઃ

- કૃષિ બાગાયત વિકાસ કેન્દ્ર અને ગ્રામદક્ષિણામૂર્તિ મણારના સહયોગથી સુગંધિત મીણબતી બનાવવા માટેની શરૂઆત કરવામાં આવી જેમાં દિવાળી પહેલા મહિલા મંડળને કુલ ૨.૫ લાખનો ઓર્ડર પ્રાપ્ત થયોને અલંગ મહિલા મંડળના બહેનોએ ૨૨ લાખની આવક પ્રાપ્ત કરી. જેમાં અલંગ મહિલા મંડળના પ્રમુખને સરકાર દ્વારા કેરીનો રસ અને

મીણબતીમાં વધારે ટનઓવર કર્યું હોવાથી 'લખપતિ દીદી'નો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

**ચિક્કી યુનિટઃ**

શિયાળાની સીઝનમાં ઉતરાયણ પહેલા કુલ ૨૫ ટનચિક્કીનો ઓર્ડર પ્રાપ્ત થયો જેમાંથી મનાર કેન્દ્રમાં શ્રી ગણેશાય મહિલા મંડળ, સહિયર અને ગાયત્રી મહિલા મંડળના બહેનો ૩ ટનનો ઓર્ડર પૂરો કર્યો અને તેમાંથી મહિલાઓને સારી આવક પ્રાપ્ત થઈ.

**તોરણ એક્ટિવિટીઃ**

સૌપ્રથમ મહિલા મંડળને આર્ટ એન્ડ ક્રાફટ માટેની ટ્રેનિંગ આપવામાં આવી અને ૧૦૦થી વધુ બહેનોએ ઓર્ડર મુજબ ૧૪,૨૮૦ તોરણ બનાવી ૫ લાખથી વધુ આવક પ્રાપ્ત કરી. જેના થકી મહિલાઓ દિવાળીમાં ઘરમાં પણ મદદરૂપ થઈ શક્યા.

**દરિયાઈ શેવાળ વિભાગઃ**

ભારતમાં પ્રથમ વાર દરિયાઈ શેવાળની ખેતી દ્વારા દરિયાઈ માછીમારોની અવાક વૃદ્ધિ માટે દરિયાઈ શેવાળ પર કાર્યરત ભારતની સૌથી સફળ કંપની એક્વા-એગ્રી સાથે MoU કર્યું અને તેના અંતર્ગત ગુજરાતના વિવિધ દરિયાઈ કિનારાના વિસ્તારો જેમ કે રાજપરા, કાલાપણ (ઉના), મૂળ દ્વારકા (કોડીનાર), બેટ દ્વારકા અને આરંભડા (ઓખા)પર દરિયાઈ શેવાળની ખેતીના પ્રયોગ શરુ કર્યા.

● કૃષિ બાગાયત વિકાસ કેન્દ્ર, મણાર ખાતે ભારતનું પ્રથમ જમીન (ટાંકા) આધારીત બીજ ઉત્પાદન યુનિટની સ્થાપના CSMCRI - ભાવનગર સાથે સંલગ્ન કરવામાં આવી જેમાં મુખ્યત્વે લાલ શેવાળનું બીજ ઉત્પાદન કરવામાં આવે છે.

● મણાર ખાતે CSMCRI અને ગ્રામ દક્ષિણામૂર્તિના સહયોગથી ગુજરાતની પ્રથમ એલિટ સીવીડ જર્મપ્લાઝમ ઈન વિટ્રો કલ્ચર સુવિધા શરૂ કરવામાં આવી છે, જેમાં ગ્રેસિલેરિયા, ઉલ્વા અને કાપાફાયકસ જેવી મહત્ત્વપૂર્ણ સીવીડ જાતોના ટકાઉ સીડલિંગ ઉત્પાદન, સંશોધન અને ઉચ્ચ ગુણવત્તાવાળા બાયોમાસ વિકાસ દ્વારા દરિયાઈ શેવાળ ખેતી અને તટવર્તી સમુદાયોના વિકાસને વેગ મળશે.

**શૈક્ષણિક વિભાગઃ**

● આ વર્ષે કૌશલ્ય- ધ સ્કિલ યુનિવર્સિટી (અમદાવાદ) સાથે ચાર કોર્સ (મશરૂમ ઉત્પાદન, હાયડ્રોપોનિક, બાગાયત નર્સરી અને પ્રાકૃતિક ખેતી) મણાર કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યા અને સર્ટિફિકેટ કોર્સ ચાલુ કરવામાં આવશે. કૌશલ્ય- ધ સ્કિલ યુનિવર્સિટી આ સંદર્ભે ગ્રામદક્ષિણામૂર્તિ - મણાર કેન્દ્ર સાથે એફિલિએશન કર્યું.

● મણારકેન્દ્ર નિયમિતપણે લોકભારતી યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી અને કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપની તકો પૂરી પાડે છે. આ ઉપરાંત વિવિધ શાળાઓના ૭૨૦ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક એક્સપોઝર અને લર્નિંગ ટૂરના ભાગરૂપે કેન્દ્રની મુલાકાત લીધી હતી.

**સંસ્થાએ આવેલ મુલાકાતીઓ અને અન્ય વ્યક્તિઓની મદદ અને સહાય.**

● તારીખ ૧૬/૦૨/૨૦૨૫ના રોજ આપણા ટ્રસ્ટી, દાતાશ્રી તેમજ પીડીલાઈટ ઇન્ડસ્ટીઝના માલિક શ્રી મધુકરભાઈ પારેખ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ટીમ કે.વી.કે મણાર તેમજ શાળા અને

સંસ્થાની મુલાકાતે આવી ગયા.તેમજ પ્રગતિશીલ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

● ડી.ઇ.ઓ ઓફિસમાંથી ઇ.આઈ શ્રી સુવા સાહેબ અને એ.ઇ આઈ શ્રી દેસાઈસાહેબ શાળાની મુલાકાતે આવી ગયા.

● ૮મી માર્ચે શાળામાં આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. મુખ્ય મહેમાન ડાયરેક્ટર પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ શ્રી મધુકરભાઈ પારેખ અને તેમની બહેનો-ભાઈઓની મોડેલ ટીમ પધારી,મહિલાઓનાં સન્માન સાથે સમગ્ર ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. સમગ્ર ટીમે શાળાની વિદ્યાર્થિની બહેનોની છાત્રાલયની મુલાકાત પણ લીધી.

● તારીખ ૫ માર્ચના રોજ ભાવનગર તાલુકા તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગરના કુલ ૧૮૦ બાળકો તેમજ ૨૭ જેટલા સી.આર.સી શિક્ષક મિત્રો આવી સંસ્થા-દર્શન કર્યું.તમામ વિભાગોની પ્રત્યક્ષ માહિતી મેળવી રાજીપો વ્યક્ત કર્યો.

● ૧૭ માર્ચનાં રોજ વિદેશી ડેલીગેશન ટીમ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગઈ. સંસ્થાનું નિરિક્ષણ કર્યું, રાજીપો વ્યક્ત કર્યો .

● શ્રીમતી અંજુ શર્મા (આઈ.એ.એસ ) કૃષિ અગ્ર સચિવ શ્રી સચિવાલય ગાંધીનગર સંસ્થા મુલાકાતે આવી ગયા, કૃષિના સમગ્ર વિભાગો નિહાળ્યા એન.જી.ઓ અને ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી કરી ,માહિતી અને માર્ગદર્શન આપ્યું .

● મે માસ દરમિયાન ડી.ઇ.ઓ. ઓફીસ ભાવનગરથી ડી.ઇ.ઓ.સાહેબ શ્રી હિતેન્દ્રસિંહ પઢેરિયા ઇ.આઈ ડોડીયા સાહેબ તથા પંડ્યા સાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● ૭ જૂન લોકભારતી રૂરલ યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ તેમજ કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી ઉપ કુલપતિ વિશાલભાઈ ભાદાણીએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધી .

● સંસ્થામાં પધારેલ મહેમાન શ્રી હર્ષદભાઈ ધેવરિય દ્વારા છાત્રાલયનાં બાળકોના વિકાસ માટે તેમનાં તરફથી ૧૦,૦૦૦ રૂપિયાનું દાન મળ્યું.

● તારીખ ૨૨/૦૯/૨૦૨૫ના રોજ શ્રી નીતિનભાઈ પંચોળીનું વક્તવ્ય સુંદર રહ્યું. તેમણે વિદ્યાર્થી બહેનોને એક એક પુસ્તક ભેટ આપ્યું હતું .

● ૨૮ ઓક્ટોબરના રોજ આપણી સંસ્થામાં નિવૃત્ત પ્રોફેસર બાબુભાઈ અવરાણી તેમજ તેમની સાથે આપણા શ્રી અરુણભાઈ દવે સંસ્થાની તેમજ કૃષિકેન્દ્રની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● એક દિવસીય પીડીલાઈટ વિભાગની ટીમ લવીના મેડમ અને તેમનાં અન્ય કાર્યકરો સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં

● તારીખ ૨૭-૧૧-૨૦૨૫ના રોજ કંચનબેનની દિવંગત દીકરીનાં જન્મદિવસ નિમિત્તે વિદ્યાર્થીઓના વિકાસ અર્થે તેમનાં તરફથી ૫૦૦૧/- પાંચ હજાર એક રૂપિયાનું અનુદાન મળ્યું. આચાર્ય શ્રી તરફથી તેમનું અને તેમનાં દીકરાનું સાલ ઓઢાડી સન્માન કરાયું.

● તારીખ ૨૮/૦૮/૨૦૨૫નાં રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર ખાતે NCC યુનિટની ત્રેવીસ બહેનોને પદરજ ફાઉન્ડેશન દ્વારા દીવાલ ઘડિયાળ ભેટ આપવામાં આવી.

## ૦૩ કહત ગાંધી : સુનો સબ સિટીઝન યાત્રા

**તુલા - સંજય**

'હે ભારત! તારા ગાંધીને લાયક બનવાની હિંમત બતાવજે' -પર્લ બક

ગાંધીની આંગળી ઝાલીને યાત્રા સ્વરૂપે ગાંધીને લોકો સુધી લઈ જવાનો વિશ્વગ્રામનો આ ત્રીજો ઉપક્રમ હતો. પ્રથમ યાત્રા એ કીર્તિ મંદિરથી સાબરમતી આશ્રમ સુધીની વાહનયાત્રા હતી જે લગભગ ૨૫ દિવસની હતી ને મોરારિબાપુએ યાત્રાને પ્રસ્થાન કરાવેલું અને ચંદ્રશેખર ધર્માધિકારીજીએ સાબરમતી આશ્રમમાં યાત્રાને આવકારી એનું સમાપન કરાવેલું. એ સિવાય આ યાત્રામાં પ્રા. રામજીસિંહ, ડૉ. રવિન્દ્ર દવે, સનત મહેતા, દાઉદભાઈ ઘાંચી, ગુણવંત શાહ, પી.કે. લહેરી, શાહબુદ્દીન રાઠોડ, પ્રવીણ દરજી, સ્વામી માધવપ્રિયદાસજી, રઘુવીર ચૌધરી જેવા અનેકોનો વાર્તાલાપ યોજાયેલો અને યાત્રાના પ્રાણસમું નાટક હતું 'પાર્થને કહો ઉતારે બાણ, હવે તો બુદ્ધ એ જ કલ્યાણ'. એ પછીની બીજી યાત્રા એ પોરબંદરથી દાંડીની પદયાત્રા હતી જે લગભગ ૬૦ દિવસ ચાલેલી. આ યાત્રાના પદયાત્રિકો માટે આ યાત્રા જાત્રા સમાન હતી. અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે લઈને ચાલેલી એ યાત્રામાં સુધીર ચંદ્ર, વર્ષા દાસ, જલપુરુષ રાજેન્દ્રસિંહ, કુમાર પ્રશાંત, કુમારપાળ દેસાઈ, રતિલાલ બોરીસાગર, અમૃત ગંગર, દીપક સોલિયા, વિદ્યુત જોશી, અરુણ દવે વિગેરે અનેકોના વાર્તાલાપો પણ થયેલા.

આ બંને યાત્રાના અનુભવોનો રોમાંચ-બંને યાત્રામાં થયેલું સૌનું ઘડતર અને યાત્રા દરમિયાન બનેલા માહોલને લઈને વિશ્વગ્રામના ઘણા સાથીઓને મનમાં થતું હતું કે ગાંધીને લઈને આવી યાત્રા દર વર્ષે આપણે યોજવી જોઈએ! અને શાશ્વત મૂલ્યોની વાત નવા સ્વરૂપે નવી પેઢી સુધી પહોંચાડવી જોઈએ. ગાંધી તો કહેતા જ હતા ને કે: 'મારે દુનિયામાં નવું કશું શીખવવાનું નથી, સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યા આવે છે.' અને આમ 'કહત ગાંધી-સુનો સબ સિટીઝન' યાત્રાએ એનો આકાર લીધો. અને આ યાત્રા ૧૯ ડિસે. ૨૦૨૫ થી ૨ જાન્યુ. ૨૦૨૬ એમ ૧૫ દિવસ માટે ઉત્તર ગુજરાતમાં યોજવી એમ નક્કી થયું.....

ઉત્તર ગુજરાતમાં ગાંધીનું પગેરૂ ત્રણ જગ્યાએ મળી આવે છે. ઉ.ગુ. માં ગાંધીજી એ દિવસોમાં જો ક્યાંય આવ્યા હોય તો એ ૧૯૨૯માં કડી અને એ પહેલાં ૧૯૧૯માં કલોલ અને વિજાપુર, અને વળી પાછો ગાંધીને ચરખો પણ વિજાપુરથી મળેલો અને આથી આપણી આ યાત્રાની શરૂઆત સર્વ વિદ્યાલય-કડીથી ૧૯ ડિસે. ૨૦૨૫ના દિવસે થઈ. એ દિવસોમાં ગાંધી સર્વ વિદ્યાલયના પ્રાંગણમાં બોલેલા : 'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થાની પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે, એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાં મોકલવાને તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તમને અહીં મળશે.

આ સંસ્થાના નિવેદનની સરળતા ને શુદ્ધતાને સારુ હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઇચ્છું તેની સાથે મારું દુઃખ પણ જાહેર કરવું જોઈએ, કે તેઓ હજી અસ્પૃશ્યતાનો કોયડો ઉકેલી શક્યા નથી તે બરોબર નથી. અસ્પૃશ્યતાનિવારણ વિના હિંદુ ધર્મ કલ્પી શકાતો નથી.' અને યાત્રાનું સમાપન સર્વોદય આશ્રમ-માઢી વિજાપુરમાં ૨ જાન્યુ. ૨૦૨૬ના દિવસે થયું. ઠેઠ હિંદ સ્વરાજના સમયથી ગાંધીના હૃદયમાં તો રેંટિયો ફરતો જ રહ્યો હતો તેથી જ તેમણે એ વેળા કહેલું કે, રેંટિયાની મારફતે આપણા દેશની કંગાલિયત મટે એમ છે. 'જે રસ્તે ભૂખમરો ભાગે એ રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે

એવી વાત ગણાય'. આ રેંટિયો ગંગાબેનને ગુજરાતમાં સારી પેટે ભટક્યા પછી ઘણી જહેમત બાદ ગાયકવાડના વિજાપુરથી મળી આવેલો. ગાંધીએ કાંતણને ઈશ્વરનું કાર્ય માનેલું. કાંતવું એ એમના માટે તપ કરવા જેટલું પવિત્ર હતું. એ કહેતા કે, રેંટિયાને આંટે આંટે શાંતિના ને પ્રીતિના તાર કંતાય છે. તેઓ ભગવાનને પ્રાર્થના કરતા કે,'હે ભગવાન, જો મને આ દુનિયામાંથી કોઈ દિવસ ઉપાડી લે તો એવા સમયે ઉપાડી લેજે કે જ્યારે મારા એક હાથમાં રેંટિયાનો હાથો હોય અને બીજા હાથથી પૂણીમાંથી સૂતર કાઢી રહ્યો હોઉં!!'

આ આખી યાત્રા દરમિયાન યુવક—યુવતિઓના બહુ જ મોટા સમૂહને સંબોધવાનું આપણે નક્કી કરેલું તેથી એમને સ્પર્શી શકાય એવા માધ્યમો થકી એમની પાસે પહોંચવાની આપણી નેમ હતી. આ કારણે આપણે યાત્રામાં પ્રથમ દિવસે કાર્તિકેય સારાભાઈ અને અંતિમ દિવસે હસમુખ પટેલ આવેલા. નાતાલને દિવસે સર્વમંગલમ આશ્રમ-સાગોડિયામાં યોજેલ ગાંધી ગોષ્ઠિમાં મહેબૂબ દેસાઈએ રેવરન્ડ જોસેફ ડોક લિખિત 'ગાંધીજીનું પહેલું ચરિત્ર' પર સંવાદ કરેલો...આ આખી યાત્રામાં બીજા કોઈનો સંવાદ આપણે રાખ્યો નહોતો!! આની પાછળનું કારણ પણ એ હતું કે આ યાત્રામાં આપણે યુવક,યુવતિઓ, કિશોર,કિશોરીઓના ઘણા મોટા સમૂહને સંબોધવાનું રાખેલું.

યાત્રાના કેન્દ્ર સ્થાને હતું નાટક 'આઓ લકીરેં મીટા દે...' આઝાદીના આટલા વરસો સુધી નહીં ઉકેલાયેલા માત્ર નહીં પરંતુ વધારે અણીયાળા બનેલા એવા અસ્પૃશ્યતા-કોમી વિસંવાદ,હિંસા જેવા ત્રણ સવાલોને ઉઠાવતું અને જોનારના હૃદયમાં ભાવાત્મક રીતે પ્રવેશ કરી જતું આ નાટક વિશ્વગ્રામના સૌ સાથીઓ જેમાં મુખ્યત્વે પ્રા. ઈલિયાસ અને પ્રા. આશિષ ઠાકરે તૈયાર કરેલું જેમાં ભુપેન હઝારિકા અને વિનય-ચારુલના ગીતોએ રંગો પૂર્યા છે!

આ યાત્રાના પાછલા બધા દિવસોમાં ઝારખંડના પ્રસિદ્ધ લોકગાયિકા અને હિન્દી ફિલ્મોના પાર્શ્વગાયિકા મેઘા ડાલ્ટન આજથી ૧૦૦ વર્ષ પહેલાં બિહારના આદિવાસીઓ દ્વારા ગવાતા ગાંધીના ગીતો લઈને આવેલા અને અમે એ ગીતો થકી કહેવા લાગ્યા

'બડે બડે સિપાહી બંદૂક સે લડે—
ગાંધીબાબા કાનૂન સે લડે....
બડે બડે વ્યાપારી કારખાના ચલાયે,
ગાંધીબાબા ચરખા ચલાયે....'
અને આમ આ પ્રેમનો ચરખો

— શાંતિનો ચરખો- સમાનતાનો ચરખો, સદભાવનાનો ચરખો આપણે આ ૧૫ દિવસમાં ૩૧ સ્થળોએ ફેરવ્યો.... જેમાં લગભગ—લગભગ ૧૮,૦૦૦ યુવક,યુવતિઓ, કિશોર,કિશોરીઓ અને શિક્ષકો,નાગરિકો જોડાયા!

ક્યાંક ડંકેશભાઈ ઓઝાના વાર્તાલાપ પણ થયા, ડંકેશભાઈ-ભારતીબેન, રમેશ વૈષ્ણવ, નમ્રતા-કેતન, પ્રવીણ સુથાર, રૂચા અને ઉર્મિ,રાજ—ગોવિંદ અને સુરેશ આ ૧૧ સાથીઓએ સમગ્ર યાત્રામાં વાર્તાલાપ—નાટક—પુસ્તક પ્રદર્શન—શાંતિ અને અહિંસાનું પ્રદર્શન વગેરે પણ યોજ્યા. પહેલા અને અંતિમ દિવસે ડૉ. નરેન્દ્ર શાસ્ત્રીએ જુગતરામકાકાનું 'એનું જીવનકાર્ય અખંડ તપો, અમ વચ્ચે બાપુ અમર રહો' ની ગુંજ નવા કાનો સુધી પહોંચાડી અને યાત્રા દરમિયાન ઠેર ઠેર નવયુવાન દ્વારા બોલાતું Love you Gandhi સાંભળી સ્મરણ થાય છે એ પ્રસંગનું.... માર્ટિન લુથર કિંગની હત્યા થઈ એ પછીના દિવસોમાં એક કાર્ટૂનમાં કિંગ સ્વર્ગમાં દાખલ થાય છે અને ગાંધીને મળે છે, ત્યારે ગાંધી કહે છેઃ ડૉ. કિંગ ખૂનીઓને વિશે વિચિત્ર વાત એ હોય છે કે એ લોકો એમ માને છે કે પોતે તમારી હત્યા કરે છે !

વિશ્વગ્રામ
મો. ૯૪૨૬૩૮૮૨૩૪

## ૦૪ લોકભારતીત્વની ગાથા : આરોગ્યરક્ષક વૈદ્યરાજો

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, તેના સ્થાપનાકાળ ૧૯૫૩થી નિવાસી સંસ્થા છે. જયાં તમામ શાખાના વિદ્યાર્થીઓ, કાર્યકરો અને પરિવારજનો વસવાટ કરે છે. આ સંખ્યા ૧૦૦૦ થી ૧૨૦૦ ની આસપાસ રહી છે. તેમના સ્વાસ્થ્યની સંભાળ, પ્રાથમિક સારવાર માટે ટ્રસ્ટે હંમેશા કાળજી સેવી છે. પ્રારંભના વર્ષોમાં ભાવનગરના પ્રસિદ્ધ વૈદ્ય મનોરમાબહેન જુગતરામ દવે આવશ્યકતા અનુસાર મુલાકાત લેતા.

**વૈદ્યરાજ શ્રી પ્રાગજીભાઈ રાઠોડ :**

સંસ્થાને પૂરા સમયની સેવા અનિવાર્ય જણાતા વિદ્વાન પ્રાગજીભાઈની નિમણૂક કરવામાં આવી. લોકસેવા મહાવિદ્યાલયના અભ્યાસક્રમમાં આરોગ્યશાસ્ત્ર, સફાઈ વિજ્ઞાન, પોષક આહાર, ગૃહઉદ્યાન જેવા વિષયો સાથે આયુર્વેદનું વિજ્ઞાન જોડવામાં પ્રાગજીભાઈએ શ્રેષ્ઠ ભૂમિકા ભજવી. પ્રાથમિક શિક્ષક અધ્યાપનમંદિરમાં પણ આરોગ્ય વિજ્ઞાનના કેટલાક મુદ્દાઓ તેઓ ભણાવતા. તેમનો કાર્યકાળ ચાર વર્ષ.

**શ્રી દલપતભાઈ વસાણી શોભન :**

શોભનભાઈએ ૧૯૬૦ થી ચારેક વર્ષ વૈદ્યરાજ તરીકે જવાબદારી વહન કરેલી. તેઓ લેખક અને કવિજીવ તેથી વિષયના શિક્ષણ સાથે ભાવનાત્મક અનુબંધ કરવાથી રજૂઆતમાં રસિકતા અને રોચકતા આવતી. લોકભારતી પછી તેઓ અમદાવાદ સ્થિર થયા. આયુર્વેદના પ્રચાર-પ્રસાર માટે તેમણે આર્યુ ટ્રસ્ટની સ્થાપના કરેલી. આ પ્રાચીન વિજ્ઞાન તરફ પૂરા સમર્પણ, નિષ્ઠા અને તજજ્ઞતાને કારણે ગુજરાતમાં નામાંકિત વૈદ્યરાજ તરીકે તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરેલી. આ સમય દરમિયાન તેમના અનેક પુસ્તકો પ્રકાશિત થયા જેવા કે, 'તમે જ તમારા વૈદ્ય', 'સ્વાસ્થ્ય સુધા', 'આયુર્વેદ ચિકિત્સાના ૫૦ સફળ કિસ્સા' વગેરે.

**વૈદ્યરાજ શ્રી ગુલાબરાય મજેઠિયાઃ**

લોકભારતીમાં ૩૮ વર્ષ જેટલા દીર્ઘકાળ સુધી સમર્પિતભાવે પ્રવૃત્ત રહેલા, મજેઠિયાભાઈ (જન્મઃ૪/૨/૧૯૪૨) આયુર્વેદ કૉલેજ વડોદરાના સ્નાતક. ૧૯૬૪માં તેમની કારકીર્દિનો પ્રારંભ થયો. ત્રણેક વર્ષ પછી સંસ્થાની સંમતિથી વિશેષ અભ્યાસ માટે જામનગર ગયા. ત્યાં આયુર્વેદ કૉલેજમાંથી માસ્ટર ઓફ સર્જરી એન્ડ આયુર્વેદિક મેડિસિન (એમ.એસ.એ.એમ.)ની ડિગ્રી મેળવી. અભ્યાસ દરમિયાન તેમણે સ્વસ્થવૃત્ત વિષય ઉપર આપેલ વ્યાખ્યાનમાં તેમણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ. બે નાટકોમાં તેમના અભિનયથી શ્રોતાઓ અભિભૂત થઈ ગયેલા. ફરી લોકભારતી આવ્યા. ઉત્તમ અધ્યાપક, ચિકિત્સક અને તેની સાથે ગ્રામીણ વિસ્તારના આર્થિક અને સામાજિક રીતે વંચિતવર્ગની સર્વાંગી તંદુરસ્તીને ધ્યાનમાં રાખી વિવિધ પ્રકારના નિદાન—સારવાર શિબિરોના આયોજનની તેમણે પહેલ કરી. આ શિબિરોમાં દર્દીઓએ કોઈ ફી આપવાની નહોતી. જે કંઈ ખર્ચ થાય તેમાં લોકભારતીની રાષ્ટ્રીય સેવા યોજના, ટ્રસ્ટ, અન્ય વિભાગો, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા કે અન્ય સંસ્થાઓ આર્થિક સહયોગ આપતી.

હવે મહત્ત્વના શિબિરો તપાસી લઈએ.

**નેત્રરોગ શિબિર :**

શિવાનંદ મિશન વીરનગર(જિ. રાજકોટ)ના સહયોગથી ૫૮ જેટલી નેત્રરોગ શિબિર યોજાયેલ. વિદ્યાર્થીઓ અને કાર્યકરો ગ્રામીણ વિસ્તારમાં પ્રચાર કરવા જાય. પત્રિકાઓનું વિતરણ કરે. પરિણામે દરેક શિબિરમાં ૧૦૦ થી ૧૨૫ જેટલા

આંખના તમામ પ્રકારના રોગોનું નિષ્ણાત તબીબો દ્વારા નિદાન થાય. ઓપરેશનલાયક દર્દીઓ અને તેના વાલીઓને વાહનમાં વીરનગર જવાનું. ત્યાં નિઃશુલ્ક સર્જરી સંપન્ન થાય. ત્રણેક દિવસ પછી ફરી તેઓ લોકભારતી આવી જાય. લોકભારતીના સારસ્વતભવનમાં પણ બે વખત નેત્રયજ્ઞ યોજાય. જ્યાં ડૉ. શિવાનંદજી અધ્વર્યુ -બાપુજીએ જાતે દર્દીઓના ઓપરેશન કરેલા.

**દંતયજ્ઞ :**

રાજકોટના પ્રસિદ્ધ દંતચિકિત્સક લાભશંકરભાઈ શુકલ, કોઈ ઈન્જેકશન આપ્યા વિના ભારતીય ચિકિત્સા પદ્ધતિ ઝાલંધર બદ્ધયોગથી દાંતની સારવાર કરતા. કોઈ લોહી કાઢયા વિના, એકી સાથે ૧૦ થી ૧૨ દાંત ખેંચી કાઢતા.આ અદ્‌ભૂત સારવારથી ૩૨ જેટલા દંતયજ્ઞમાં હજારો દર્દીઓ લાભાન્વિત થયા. લાભુભાઈની વિદાય પછી તેમના સુપુત્ર પુનિતભાઈએ ઘણા વર્ષો સેવાઓ પ્રદાન કરેલી. આ દંતયજ્ઞના પ્રારંભે દાંતની સંભાળ વિશે લાભુભાઈ કે પુનિતભાઈ સરળ ભાષામાં વ્યાખ્યાન આપતા.

**બ્લડ ગ્રુપિંગ કેમ્પ :**

લોકભારતીના તમામ કાર્યકરો, પરિવારજનો, વિદ્યાર્થીઓને પોતાના બ્લડગ્રુપની જાણકારી મળે અને ભવિષ્યમાં બ્લડ ડોનેશન કરી શકે તે ઉદ્દેશ્યથી ટી.બી. હોસ્પિટલ અમરગઢના સહકારથી બ્લડ ગ્રુપિંગ કેમ્પના આયોજન થતા. બ્લડના પ્રકારો તથા ડોનેશનની ઉપયોગિતા અંગે વાર્તાલાપ યોજાતા.

ઉપરાંત સમયાંતરે કેન્સર, ચર્મરોગ, સર્વરોગ, હરસ-મસા-ભગંદર અને મધુપ્રમેહના નિદાન—સારવાર અંગે શિબિરો યોજાતી રહી.

**શૈક્ષણિક વ્યાખ્યાન :**

પ્રસંગોપાત નિષ્ણાત વૈદ્યરાજો જેવા કે શુકલસાહેબ, બારોટસાહેબ, બાપાલાલ વૈદ્ય, નાડી વૈદ્ય શ્રી બાલુભાઈ વૈદ્ય વગેરેના વ્યાખ્યાનોથી સૌ લાભાન્વિત થતા.

**વિદ્યાર્થીઓનું શિક્ષણ :**

સંસ્થામાં દવાખાનાનો સમય સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૫:૦૦ થી ૬:૦૦. આ સમયે વૈદ્યરાજની સહાયમાં બે વિદ્યાર્થીઓ હોય. મજેઠિયાભાઈ તેમની સાથે ચિકિત્સા પદ્ધતિ અંગે ચર્ચા કરે. વળી વિવિધ પ્રકારની શિબિરોની વ્યવસ્થા, પ્રચાર, મહેમાનોના નિવાસ, ભોજન, પૂર્વ તૈયારી વગેરેમાં પણ વિદ્યાર્થીઓ સામેલ થાય. તેથી તેમનું સતત પ્રત્યક્ષ શિક્ષણ થયા કરે. પ્રદીપભાઈ આસ્તિક કે નવલભાઈ ભાવસાર જેવા કેટલાક વિદ્યાર્થીઓએ શિક્ષણ સંપન્ન કર્યા પછી આયુર્વેદશાસ્ત્રમાં ઊંડા ઉતરવાનું પસંદ કર્યું અને સ્વતંત્રપણે સકામ કે નિષ્કામભાવે દર્દીઓની સારવાર કરતા થયા.

શ્રી મજેઠિયાભાઈની નિવૃત્તિ પછી સાડા ત્રણ વર્ષ વૈદ્યરાજશ્રી જયંતિભાઈ લાખાણી સંનિષ્ઠભાવે સક્રિય રહ્યા. આરોગ્યશાસ્ત્રના વર્ગો લીધા. શિબિરોના આયોજનની પરંપરા તેમણે જાળવી રાખી. ત્યાર બાદ હસમુખભાઈ જોષીએ સેવાઓ આપેલી. લોકભારતીનું એ સદ્‌ભાગ્ય રહયું છે કે સંસ્થામાં જે કોઈ વૈદ્યરાજો પ્રવૃત્ત રહ્યા તેઓ માત્ર આયુર્વેદના તજજ્ઞ જ નહોતા સાથે આપણા શાસ્ત્રોમાં જેની ઉપવેદ તરીકે ગણના થઈ છે તેવા ભારતીય વિજ્ઞાનના પ્રસાર માટે પ્રતિબદ્ધ હતા. તેમનું કાર્યક્ષેત્ર માત્ર સંસ્થાના પરિસર પૂરતું સિમિત નહોતું પણ આસાપાસના પચાસેક ગામો સુધી તેમની સુવાસ ફેલાયેલી હતી. અનેક દર્દીઓ અહીં સારવાર માટે આવતા. નેત્રશિબિર, દંતયજ્ઞ અને અન્ય શિબિરના આયોજન સિહોર અને તળાજા તાલુકાના ૪૦ થી ૫૦ કિ.મી. દૂરના ગામોમાં પણ થતા. પરિણામે લોકભારતીના અભિન્ન અંગ સમાન વિસ્તરણકાર્યની સુવાસ વ્યાપક જનસમાજ સુધી પહોંચી હતી.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## ૦૫ ગાંધીજી અને ભારતની એકતા

**સોનલ પરીખ**

---

'હું જ્યારે નાનો હતો, છાપું કદી વાંચ્યું ન હતું, અંગ્રેજી વાંચવામાં બહુ મુશ્કેલી પડતી હતી અને ગુજરાતી ભાષા પણ સારી કહેવાય એવી ન હતી તે વખતે પણ હું એટલું સમજતો હતો કે રાજકોટમાં જ નહીં, આખા ભારતમાં જો હિન્દુ, મુસ્લિમ, શીખ, પારસી, ખ્રિસ્તી સૌ સંપીને રહે તો સૌની જિંદગી ખુશહાલ બને. આજે હું વૃદ્ધ થયો છું, મૃત્યુના કાંઠે આવીને ઊભો છું ત્યારે પણ મારું સ્વપ્ન આ જ છે. જો એ સાકાર થાય તો હું આ ઉંમરે પણ બાળકની માફક નાચી ઊઠું.' ૧૯૪૮ની ૧૪મી જાન્યુઆરીએ, એકતા અને શાંતિ માટે છેલ્લા ઉપવાસ ચાલતા હતા તે વખતે ગાંધીજીએ ડૉ. સુશીલ નય્યરને આ શબ્દો કહ્યા હતા. જેમ ઉત્ક્રાંતિવાદનો ઉલ્લેખ કર્યા વિના ડાર્વિનની વાત ન થઈ શકે, સાપેક્ષવાદનું નામ લીધા વિના આઈન્સ્ટાઈનની વાત ન થઈ શકે. એવી જ રીતે દેશની એકતાનો મુદ્દો લાવ્યા વિના ગાંધીજીની વાત ન થઈ શકે.

૧૯૪૮ની એ ૧૪મી જાન્યુઆરીએ આપણે સ્વતંત્ર થઈ ગયા હતા, ઘડાઈ રહેલા બંધારણમાં દેશના તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર અપાઈ ચૂક્યો હતો, પણ સ્વતંત્રતા અને સમાનતાનો અર્થ તો જ સરે જો એકતા હોય. એકતા નથી હોતી ત્યારે આઝાદી, સમાનતા, સ્વાવલંબન, પ્રગતિ બધું જ રૂંધાય છે એટલું જ નહીં, એકતા નથી હોતી ત્યારે આઝાદી અને સમાનતા વિકૃત ચહેરા ધારણ કરે છે. આ સત્ય અત્યારે પણ આપણે કેટલું સમજી છીએ એ સવાલ છે, પણ દેશ પરતંત્ર હતો ત્યારે આઝાદીની લડત માટે અને સ્વતંત્ર થયો પછી તમામ નાગરિકોની સુખાકારી અને સલામતી માટે એકતા આવશ્યક જ નહીં, અનિવાર્ય છે એ મહાત્મા ગાંધી સમજતા હતા.

ગાંધીજીના જીવનકાળ દરમ્યાનનું ભારત ધર્મ અને જ્ઞાતિના, ગરીબ અને અમીરના વાડાઓમાં ઠેકઠેકાણે ખંડિત થયેલું હતું. કોઈ પણ બે કે તેથી વધુ સમુદાય વચ્ચે પરસ્પર માટેનો વિશ્વાસ જતો રહે તો તેમની વચ્ચે વૈમનસ્ય પેદા થાય. છેવટે એ સંઘર્ષમાં પરિણમે ત્યારે દેશને એકત્રિત રાખવા ઘણું મોડું થઈ ગયું હોય છે. ઉત્તમ રીત તો એ છે કે એક ગામમાં અલગ અલગ કોમના લોકો એક જ લત્તામાં રહે, એમનાં બાળકો એક નિશાળમાં ભણે, એક બીજાના તહેવારોની ઉજવણીમાં, એકબીજાનાં સુખદુ:ખમાં ભાગ લે અને સાથે મળીને પ્રાર્થના કરે. દુ:ખની વાત એ છે કે ગાંધીજીને ભારતની મોટા ભાગની પ્રજાએ સ્વતંત્રતા અપાવનાર એક રાજકારણી તરીકે જોયા. આઝાદી પછી એમની હત્યા થઈ ત્યારે એક 'મહાત્મા'ના મૃત્યુ પાછળ આંસુ સાર્યાં, પણ તેમણે ચીંધેલ એકતાના રસ્તાને વિસારે પાડી દીધો.

ગાંધીજીની દૃષ્ટિ તો દેશની જ નહીં, સમસ્ત માનવજાતની એકતા તરફ હતી. આ એકતાના વિકાસ માટે રાષ્ટ્રીય એકતા એ સ્વાભાવિક સોપાન હતું. ભારતમાં કૌટુંબિક એકતાને ધર્મ જેટલું મહત્ત્વ આપવામાં આવે છે. એ ભાવનાનું ઊર્ધ્વીકરણ કરી દેશની એકતાને ધર્મ માનવો એ ત્યારનો યુગધર્મ હતો. આપણે એક નહોતા એથી જ મુઠ્ઠીભર અંગ્રેજો દૂર દેશથી આવીને આપણને ગુલામ બનાવી શક્યા. દેશની એકતા અત્યારનો પણ યુગધર્મ છે. કેમ કે જો આપણે એક ન થયા તો લાલસા અને સ્વાર્થથી ખદબદતી દુનિયામાં આપણું અસ્તિત્વ, આપણું સ્વાતંત્ર્ય જોખમમાં આવી પડશે. વિકાસ અને

પ્રગતિ સ્વપ્નમાત્ર રહી જશે.

પ્રજાને એક અને અવિભાજિત રાખવા માટે એમણે શક્ય તેટલાં પગલાં લીધાં અને એમાં લોકોને પણ સામેલ કર્યા. એમાંનું એક પગલું તે આશ્રમની સવાર-સાંજની સર્વધર્મ પ્રાર્થના. તેમાં બોલાતા શ્લોક, ગવાતાં ભજનો અને ધૂનનો સંગ્રહ તે 'આશ્રમ ભજનાવલી'. પ્રાર્થનામાં ઉપનિષદ, રામાયણ, મહાભારત, કુરાન અને સંત સાહિત્યનો સમાવેશ થતો હતો, તેથી અનેક પ્રાંતીય ભાષાઓ પણ આપોઆપ પ્રવેશ પામી. સમય જતાં 'ઈશાવાસ્યમ ઈદમ સર્વમ' શ્લોકથી શરૂ થતી પ્રાર્થનામાં ઈસ્લામ, જરથોસ્તી અને બૌદ્ધ ધર્મની પ્રાર્થનાઓમાંથી એકેક બબ્બે પંક્તિઓ ઉમેરાઈ. તમામ આશ્રમવાસીઓ અને મુલાકાતીઓમાં સર્વધર્મ સમભાવની ભાવના આ રીતે આપોઆપ દ્રઢ થઈ.

એક વ્યાખ્યાનમાં ડૉ. રામચંદ્ર ગુહાએ ગાંધીજીના વિચારો અને આજની વર્તમાન પરિસ્થિતિમાં તેને કેવી રીતે વિચારવા અને જીવવા તે વિશે વાત કરતાં કહ્યું કે, 'ગાંધીજીના મતે સ્વરાજની ઇમારતમાં મુખ્ય ચાર પાયા છેઃ પ્રથમ પાયો એટલે અસ્પૃશ્યતા નિવારણ. અત્યારના સંદર્ભમાં તેને સામાજિક ન્યાય કહી શકીએ. બીજો પાયો છે હિન્દુ-મુસ્લિમ એકતા. ગાંધીજીએ હંમેશાં દેશની અંદર વિવિધ ધર્મો વચ્ચે સુમેળ ભર્યું વાતાવરણ રહે તેનો પ્રયત્ન કર્યો હતો. તેઓ કદી પણ દેશના ભાગલા પાડવાની તરફેણમાં ન હતા. તેઓ કહેતા કે જ્યાં સુધી આપણે ધર્મ અને જાતિના વાડાઓમાંથી બહાર નહીં નીકળીએ ત્યાં સુધી જુદાં જુદાં પ્રકારે હિંસા થતી જ રહેશે. અને જો આપણે એવું કરીએ તો પછી આપણી સંસ્કૃતિ કે જે 'વસુધૈવ કુટુંબકમ્'ની વાત કરે છે, તેનું શું થશે? ગાંધીજીના વિચારનો ત્રીજો પાયો છે અહિંસા. ગાંધીજી માટે હિંસા એટલે માત્ર કોઈને મારવા કે કોઈને હાનિ પહોંચાડવા એટલાં પૂરતું સીમિત ન હતું પરંતુ વિચારોમાં પણ હિંસા ન હોય તે તેમના માટે મહત્ત્વનું હતું. ચોથો પાયો છે આર્થિક સ્વાવલંબન. જો આર્થિક વૃદ્ધિના મોડલની પસંદગીઓ વિચારપૂર્વક કરી હોત તો આજે દેશમાં પર્યાવરણના પ્રશ્નો ઓછાં હોત. સ્વરાજની ઇમારતના આ ચાર પાયા સામાજિક અને ધાર્મિક એકતા વિના પાયા મજબૂત હોઈ ન શકે.'

ગાંધીજીના જીવનમાં પોતાની ભાષા, પોતાના ધર્મ કે પોતાના દેશના જ નહીં, સમસ્ત વિશ્વના વધુ ને વધુ માનવીઓ સાથે તાદાત્મ્યની પ્રક્રિયા સતત ચાલી છે. 'પીડ પરાઈ જાણે રે' એ આ આખી પ્રક્રિયાનો મહામંત્ર હતો. પરાયા કરી દીધેલાં દુઃખી માનવીઓમાં એમણે ઈશ્વરને જોયો અને એમની સેવાને પોતાનો ધર્મ માણ્યો. આ જ પ્રક્રિયા એમની રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓની કરોડરજ્જૂ બની. સ્વરાજની તેમની વ્યાખ્યામાં અસ્પૃશ્યતાનિવારણ અને સર્વધર્મસમભાવ સાથે સ્વ પરનું શાસન, સામાજિક ન્યાય અને દરેકને કામ અને ગુજરાનયોગ્ય આવકનો અધિકાર હતા. ગરીબ-અમીર વચ્ચેનું અંતર ઘટે એનો આગ્રહ અને એ માટે સાદાઈ અને અપરિગ્રહ, શ્રમ અને ટ્રસ્ટીશીપનાં મૂલ્યો હતાં.

આજે એવું માનનારા ઓછા નથી કે એ વખતે આઝાદી મેળવવા કોમી એકતા હોવી જરૂરી હતી. હિન્દુ-મુસ્લિમ વચ્ચે ઝઘડાઓ થતા ત્યારે સર્વધર્મ પ્રાર્થના જેવાં પગલાં લેવાં ઠીક હતું, હવે તો બે દેશ જુદા થયા, હવે રોજ રોજ એવી પ્રાર્થનાઓ ગાવાની શી જરૂર? કોમી એકતાની શી જરૂર? આવી સંકુચિત માન્યતાને પરિણામે જ વીસમી સદી કરતાં અત્યારે એકવીસમી સદીમાં કોમી વૈમનસ્ય વધ્યું છે. આપણે અલગ હોઈ શકીએ, પણ તેથી વિરોધી બનવાની જરૂર નથી - ગાંધીજીએ પ્રબોધેલા આ શાશ્વત માર્ગ પર ચાલીએ તો એ એમના પવિત્ર આત્માને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

## ૦૬ સંસ્થા સમાચાર (જાન્યુઆરી, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

● તા.૦૧થી ૧૦ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના દ્વિતીય વર્ષના કુલ ૫૨ વિદ્યાર્થીઓ અને ૩ કાર્યકરશ્રીઓ રાજસ્થાનના વિવિધ શૈક્ષણિક, ઐતિહાસિક, ધાર્મિક, અને સાંસ્કૃતિક સ્થળોના પ્રવાસે જઈ આવ્યા.

● લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના એન.એસ.એસ.યુનિટ-૧ની ખાસ વાર્ષિક શિબિર તા ૨૯/૧૨/૨૦૨૫થી તા. ૩/૧/૨૦૨૬ લંગાળા ગામે યોજાઈ હતી. જેમાં ગ્રામસફાઈ, લોકસંપર્ક, સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકડાયરો, શાળાકિય પ્રવૃત્તિઓ, જ્ઞાનસત્ર,આરોગ્ય સુખાકારી અને સ્ત્રીસશકિતકરણના કાર્યક્રમો હાથ ધરાયા. તૃતીય વર્ષ બી. આર.એસ.ના વિદ્યાર્થીઓએ સ્વયંસેવક તરીકે બધી જવાબદારીઓ વહન કરી અને લંગાળા ગ્રામ આગેવાનો અને પૂર્વ વિદ્યાર્થીઓનો સક્રિય સહયોગ મળ્યો. શિબિર સંયોજક તરીકે કાર્યકર શ્રી વિશાલભાઈ જોશી અને સહયોગી તરીકે શ્રી ભાનુપ્રસાદભાઈ અને શ્રી પૂજાબેન પુરોહિતે જવાબદારી સંભાળી હતી.

● તા.૦૩થી ૦૯ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના કુલ ૫૮ વિદ્યાર્થીઓ અને ૨ કાર્યકરશ્રીઓ સર્વોદય આશ્રમ-ખડકી તા.ધરમપુર જી.વલસાડ મુકામે વંચિત વિસ્તાર અભ્યાસ શિબિરમાં જઈ આવ્યા.

● કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં આવેલ 'વીબી-જી રામ જી' બિલના જાગૃતિ અભિયાન અંતર્ગત તા. ૦૩ અને ૦૪ના રોજ શ્રી નિગમભાઈ શુકલની આગેવાનીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરોએ વિવિધ ગામોમાં પ્રચાર-પ્રસાર અર્થે અભિયાન કર્યુ.

● 'સ્પીકમેકે'ના ભાવનગર ચેપ્ટરના આયોજન તળે તા.૦૬ના રોજ રાત્રે સાડા આઠ કલાકે લોકભારતી ખાતે પંડિત રિતેશ મિશ્રાજી અને પંડિત રજનીશ મિશ્રાજીના શાસ્ત્રીય સંગીતનો ગાયિકીનો એક કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં લોકભારતી પરિવાર ઉપરાંત આજુબાજુની સંસ્થાઓના સંગીતપ્રેમીઓ પણ ઉપસ્થિત રહ્યા.

● શ્રી નિગમભાઈ શુકલ તા. ૦૬ના રોજ ભાવનગર ડિસ્ટ્રીકટ કો.ઓ. બેંક દ્વારા તેમજ તા. ૧૨ના રોજ 'આત્મા પ્રોજેકટ' દ્વારા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.

● તા.૦૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે એક દિવસની ગુજરાતી ભાષા અભિવ્યક્તિ સજ્જતા લેખન અને કથન કૌશલ વિકસે, સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગુજરાતી વ્યાકરણનું માર્ગદર્શન મળે તે હેતુસર ડૉ.રાજેન્દ્રભાઈ ચોટલિયાની કાર્યશાળા રાખવામાં આવી હતી.

● તા.૦૮અને ૦૯ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે 'ગ્રામદ્યોગ સાહસિકતા' વિષય અભ્યાસક્રમ આધારિત ડૉ.નેહલભાઈ ત્રિવેદીના વર્કશોપનું આયોજન થયું હતું. જેમાં પ્રેઝન્ટેશન અને પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસક્રમના મુદ્દાઓને મહદ્અંશે આવરી લેવાયા હતા.

● તા.૦૯ અને ૧૦ દરમિયાન તૃતીય વર્ષના કૃષિના વિદ્યાર્થીઓ માટે શ્રી પ્રતીકભાઈ મકવાણાના માર્ગદર્શન હેઠળ બે દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

● તા.૦૯મીના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા-મણારના વાર્ષિકોત્સવમાં કેટલાક કાર્યકરો જઈ આવ્યા.

● ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ દ્વારા આયોજિત 'સહૃદયતાની સાધના' નામે સાહિત્યિક નિવાસી કાર્યક્રમ તા.૦૯થી

૧૧ સુધી લોકભારતી ખાતે યોજાઈ ગયો. પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રજી, શ્રી વસંતભાઈ જોશી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી ભીમજીભાઈ ખાચરિયા, શ્રી નીતાબહેન જોશી, શ્રી રમજાનભાઈ હસણિયા, શ્રી ઈન્દુબહેન જોશી, શ્રી ચાર્વીબહેન ભટ્ટ, શ્રી જનકભાઈ રાવલ, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી વિશાલભાઈ જોશી અને અન્ય સાહિત્યપ્રેમીઓએ જુદીજુદી બેઠકોમાં પૂરો સમય તેમાં માર્ગદર્શન/સંચાલન કર્યું. શ્રી અરુણભાઈ દવેએ શિબિરના પ્રારંભે અને સમાપન વખતે ઉદ્‌બોધન કર્યાં. જુદીજુદી બેઠકોમાં વિદ્યાર્થીઓની અભિવ્યક્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું. પહેલી જ રાત્રે શ્રી ધરતીબહેન જોગરાણા અને શ્રી હસમુખભાઈ દેવમુરારિના માર્ગદર્શનમાં 'નિરખને ગગનમાં' નામે આકાશદર્શનનો કાર્યક્રમ યોજાયો, જે ઘણો રસપ્રદ રહ્યો. કચ્છ યુનિ.ના, ભાવ. યુનિ.ના ગુજરાતી ભવનના, બોટાદકર કૉલેજના તથા લોકભારતી ગ્રામવિદ્યાપીઠના એમ લગભગ સાંઈઠેક જેટલાં સાહિત્યમાં રસ ધરાવતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમાં જોડાયાં. લો.ભા.ના કાર્યકરો શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી વિશાલભાઈ જોશી અને શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ કાળજીપૂર્વક વ્યવસ્થાકીય પાસું સંભાળ્યું.

● લોકભારતીના શુભેચ્છક અને દાતાશ્રી અશોકભાઈ શેઠ અને શ્રીમતી ભારતીબેન શેઠ તા.૧૦મીના રોજ લોકભારતીની શુભેચ્છા અને પરિચય મુલાકાતે આવી ગયાં. તેઓએ બહુ જ શાંતિથી પૂરો સમય આપીને લોકભારતીની બધી જ પ્રવૃત્તિઓ નીહાળીને રાજીપો વ્યક્ત કર્યો.

● તા. ૧૩ના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રી મા.શ્રી શીવરાજસિંહ ચૌહાણ હણોલ(પાલીતાણા) મુકામે આવતા તેઓના સ્વાગત અભિવાદન માટે શ્રી નિગમભાઈ શુકલ, શ્રી પ્રદીપભાઈ કયાડા, શ્રી વિક્રમભાઈ દેસાઈ, શ્રી જગદીશભાઈ કંટારિયા જઈ આવ્યા.

● તા.૧૪મીના રોજ મહુવા મુકામે ચાલતી પૂ.મોરારિબાપુની ઉપસ્થિતિમાં યોજાતી શ્રી હરકિશન મહેતા વ્યાખ્યાનમાળાનું તેંત્રીસમું વ્યાખ્યાન આપવા શ્રી અરુણભાઈ દવે જઈ આવ્યા.

● તા ૧૬થી ૩૦ દરમ્યાન લોકભારતી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓની ઈન્ટર્નશિપ ગીર-નેસના ચિખલકૂબા, ટીંબરવા, જસાધાર, ઘોડાવાડી, મોટામીંઢાં ઉપરાંત ભાવનગરમાં ઘાટરવાળા, રાજપરા, બેડા, સોસિયા, પીપરલા,માંડવડા-૧, ધારૂકા, ગોલરામા, મોજીલીશાળા-આંબલા, બોટાદમાં નિંગાળા, સીતાપર, કાપરડી, અમરેલીમાં ભાણિયા, આંબલિયાળા, કોટડાપીઠા અને ભોરાવડ (ચાંચબંદર), રાજકોટ જીલ્લામાં રૂપાવટી, લાલાવદર વગેરે સ્થળોએ યોજાઈ. તાલીમાર્થીઓએ આ શિક્ષણ યજ્ઞમાં સહઅભ્યાસક પ્રવૃત્તિઓ સાથે સોંપાયેલી શૈક્ષિણક કામગીરી સંપન્ન કરી.

● તા. ૧૬ના રોજ શ્રી નિગમભાઈ શુકલ અટારી,પૂણે દ્વારા 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'ની પૂર્વતૈયારીના ભાગરૂપે આયોજિત વર્કશોપમાં ભાગ લેવા માટે આણંદ મુકામે જઈ આવ્યા.

● તા. ૧૬ના રોજ 'કિસાન સારથી ' એપ્લીકેશનના સંદર્ભે આયોજિત ઓનલાઈન મિટિંગમાં શ્રી પ્રદીપભાઈ ક્યાડા અને શ્રી પ્રશાંતભાઈ મહેતાએ ભાગ લીધો.

● તા. ૧૯ના રોજ શ્રી વિશાલભાઈ જોશી સરકારી વિનયન કૉલેજ, તળાજા મુકામે 'ઇનોવેશન અને પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કીલ' શીર્ષકથી યોજાયેલ ૫ દિવસીય કાર્યશાળાના ઉદ્‌ઘાટનમાં બીજરૂપ વકતવ્ય આપી આવ્યા.

● ભાવનગર જિલ્લા આઈસીડીએસ સંચાલિત આંગણવાડીઓનાં વર્કર્સ બહેનોના બે બેચમાં તાલીમ શિબિર લોકભારતીમાં તા.૧૯થી ૨૩ અને તા.૨૭થી ૩૧ દરમિયાન યોજાઈ ગઈ. શિબિરનું સંયોજન શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યું.

● તા.૨૬મીના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે પરેડના પ્રારંભે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સલામી ઝીલી પ્રસ્થાન કરાવ્યું. જાણીતા ગોપ્રેમી, અમદાવાદની બંસી ગોશાળાના સ્થાપક અને લોકભારતીના શુભેચ્છક શ્રી ગોપાલભાઈ સુતરિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ત્યાર બાદના સંમેલનમાં શ્રી ગોપાલભાઈ સુતરિયાએ 'ગાય આધારિત ખેતી

સ્વાવલંબન' વિષયને કેન્દ્રમાં રાખી રસપ્રદ વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય સરસ રીતે રજૂ કર્યા. શ્રી નિગમભાઈ શુક્લએ મહેમાનશ્રીનો પરિચય આપ્યો. શ્રી કિશોરભાઈ હીરાણીએ આભારદર્શન કર્યું.

● તા.૨૬મીના રોજ પૂ.મોરારિબાપુ વળાવડ મુકામે તેમના નિર્ધારિત કાર્યક્રમમાં અને આખા દિવસના અન્ય કાર્યક્રમોમાં સમયસર પહોંચવાના હેતુથી હેલિકોપ્ટર દ્વારા લોકભારતી પધાર્યા. આ નિમિત્તે લોકભારતીમાં નવનિર્મિત હેલિપેડની શુભ શરૂઆત પણ થઈ ગઈ. સમગ્ર લોકભારતી પરિવાર બાપુને આવકારવા અને હેલિકોપ્ટરનાં ઉતરાણ-ચઢાણ જોવા હેલિપેડ પાસે એકઠો થયો. આ ઘટના સૌ માટે સુખદ સ્મરણ બની રહી.

● તપોવન ઑપન યુનિવર્સિટી-ફ્રાંસના પ્રણેતા અને સ્થાપક પદ્મશ્રી કિરણભાઈ વ્યાસ તેમના આઠ-નવ વિદ્યાર્થીઓને લઈને તા.૨૭ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા. તેઓએ બીજે દિવસે લોકભારતીના બધા વિભાગઓની રસપૂર્વક મુલાકાત લીધી.

● તા ૨૭ના રોજ ગ્રામવિદ્યા વિદ્યાશાખાના ત્રણેય વર્ષના સ્નાતક વિદ્યાર્થીઓ માટે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓના આયોજન અને અધ્યાપકોના માર્ગદર્શન તળે શિયાળું રમતોત્સવ યોજાઈ ગયો. આ રમતોત્સવનો મુખ્ય ઉદ્દેશ રમતમાં સ્પર્ધા નહીં, પણ અસીમ આનંદ- પ્રાપ્તિનો હતો. રમતોત્સવનું ઉદ્દ્‌ઘાટન શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા દીપપ્રાગટ્ય અને શુભેચ્છા સાથે થયું. શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ આશીર્વાદ આપી રાજીપો પ્રગટ કર્યો. આખો દિવસ વિવિધ રમતોથી છાત્રોએ આનંદ લીધો. લોકસેવાના સૌ કાર્યકરો સહભાગી થયાં.

● તા.૨૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના સૌ છાત્રોની 'શિક્ષણ નિવાસ શિબિર'અન્વયે અભિમુખતા કાર્યક્રમનું આયોજન થયેલું હતું.તા. ૩૦/૦૧/૨૦૨૬ થી ૨૮/૨/૨૦૨૬ સુધી એક મહિના દરમિયાન છાત્રો વિવિધ જીવનલક્ષી પ્રવૃત્તિઓનો અનુભવ લઈને આવશે.

● ગાંધીનિર્વાણદિન નિમિત્તે વહેલી સવારની પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, તેમાં 'મંગળપ્રભાત'માંથી એક વ્રત 'અહિંસા' વિશેનું વાચન શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યું. તે પછી ગ્રામસફાઈ કરવા સૌ સણોસરા ગામમાં જુદાજુદા વિસ્તારમાં ટુકડીઓમાં પહોંચ્યા. શહીદદિન નિમિત્તે બરાબર અગિયાર કલાકે સૌએ પોતપોતાના સ્થાને ઊભા રહી બે મિનિટ મૌન પાળીને નામી-અનામી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. બપોર પછી ૦૩-૩૦ કલાકે સારસ્વતભવનમાં ગાંધીનિર્વાણદિન કાર્યક્રમમાં મેઘરજ તાલુકાના અતિ ઊંડાણના વલુણા ગામમાં વર્ષોથી વંચિત વિસ્તારના ઉત્થાન માટે પ્રવૃત્ત,કર્મશીલ ગ્રામશિલ્પી એવા શ્રી સુરેશભાઈ પુનડિયાએ વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. મહેમાન વક્તાશ્રીનો પરિચય શ્રી દિનુભાઈ ચુડાસમાએ કરાવ્યો. આભારદર્શન શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. ત્યાર બાદ સાંજે ૦૫-૧૫ કલાકે સાયં પ્રાર્થના-ભજન અને ધૂનથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

● તા.૩૦ના રાજ્ય પરીક્ષા બોર્ડની ટેટ-૧ ધો. ૧થી ૫ની પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટીમાં લોકભારતી અધ્યાપનમંદિરના અધ્યાપકોના માર્ગદર્શન અને મહેનતથી ૨૫ ભાઈ-બહેનો તેમજ બહોળી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓએ ઉચ્ચતમ ગુણાંક સાથે ઉત્તીર્ણ થઈને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

● તા.૩૧મીના રોજ સુરતની બ્રીલિયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકઓ અને વાલીઓ લોકભારતી શિક્ષણ પ્રણાલિ જોવા- સમજવા અને લોકભારતીના ભાવાવરણમાં રહેવા બે દિવસ માટે આવ્યા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મહિલા તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૪માં સમગ્ર માસ દરમિયાન નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ થયેલ. પંડયા પ્રાર્થનાબહેનએ-'બાળવાર્તાઓ,બાળગીતોનો આનંદ', શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાએ-'ભાષાની સૌરભ', શ્રી વત્સલભાઈ દવેએ 'ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ નિયમો તથા જી.એસ.ટી., ટી.ડી.એસ. પર, શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કૈલાસ માનસરોવર યાત્રાનું પી.પી.ટી.દ્વારા રજૂઆત, શ્રી દિનુભાઈ ચુડાસમાએ- 'જીવનમાં પરિતોષ અને પ્રસન્નતા' વિશે તેમજ શ્રી યાકુબભાઈ કોઠારિયાએ 'ગ્રામસભા પ્રક્રિયા, યોજનાઓ, ગ્રામપંચાયતની

સમિતિઓ' પર વ્યાખ્યાન આપ્યા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓએ રાજેન્દ્રહીલની મુલાકાત યોજી.

● તા.૩૧ના રોજ શ્રી ગિરીશભાઈ દવે આ.જી.એસ.એ.તાલીમ સંદર્ભે શ્રી વિકાસ કમિશ્નર સાથે યોજાયેલ મિટિંગમાં ગાંધીનગર જઈ આવ્યા.

● શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજ, ભાવનગર ખાતે યોજાયેલ એક દિવસીય વર્કશોપમાં શ્રી કુમારગૌરવભાઈ પુરોહિત ડિજિટલ જાગૃતિ અને સાઈબર સુરક્ષા વિષય પર વ્યાખ્યાન આપી આવ્યા.

**આંબલા સમાચાર**

● તાજેતરમાં મોજીલીશાળાના પાંચ પસંદ પામેલ બાળકો તા. ૨૪થી ૩૦ સુધી પોખરા, (નેપાળ) મુકામે ઇન્ટરનેશનલ યોગાસન સ્પર્ધામાં જઈ આવ્યા. તેમાંથી ૨ બાળકો અને યોગશિક્ષક નેપાળ મુકામે ગયેલ અને ત્યાં સમગ્ર ગુજરાત અને ભારતનું પ્રતિનિધિત્વ કરેલ,આ તમામ ઇન્ડિયન ટીમ ચેમ્પિયન બની પરત આવેલ છે. ધાર્મિકભાઈ ચાવડાએ ટ્રેડિશન ઈવેન્ટમાં ગોલ્ડમેડલ, ધોરણ -૦૮ના સૂરજભાઈ ગરચરએ આર્ટિસ્ટિક ઇવેન્ટમાં ગોલ્ડમેડલ, તથા યોગશિક્ષકા શ્રી છાયાબહેન વાઘેલાએ ટ્રેડિશનલ ઈવેન્ટમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી સન્માન પત્ર, અને શિલ્ડ મેળવી શાળા, ગુજરાત અને ભારતનું નામ રોશન કરેલ.

● તા.૦૩ના રોજ ગણિત વિજ્ઞાનના શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણાને માર્ગદર્શન હેઠળ રોબેટીક વર્કશોપ યોજાઈ ગયો તેમાં ધોરણ ૦૯ અને ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ આજના એ.આઈ.યુગમાં કઈ રીતે દરેક ક્ષેત્રમાં રોબેટીક ઉપયોગ થઈ શકે તેની જાણકારી મેળવી.

● તા.૦૬ના રોજ લોકભારતી ખાતે સ્પીકમેકે દ્વારા આયોજિત શાસ્ત્રીય સંગીત કાર્યક્રમમાં કાર્યકરો જઈ આવ્યા.

● તા.૦૩ અને ૦૪ના રોજ મોજીલીશાળાના બાળકો રાજ્યકક્ષાના કલા મહાકુંભમાં ભાગ લઈ આવ્યા. ગુજરાતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

● તા.૦૫ના રોજ ઉના ગીર-સોમનાથના શિક્ષકો આનંદભાઈ ઠાકર સાથે ગ્રામદક્ષિણામૂર્તિની પરિચય મુલાકાતે આવી ગયા.

● ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા - મણાર સંસ્થાનો વાર્ષિકોત્સવ તા.૦૯ના રોજ સંપન્ન થયેલ. પ્રારંભમાં શાંતિપાઠ અને ગીત સંગીતવૃંદે રજૂ કર્યો. આંબલા સંસ્થાનું વાર્ષિક નિવેદન આંબલા લોકશાળાના આચાર્ય શ્રી વાઘજીભાઈએ તથા મણાર લોકશાળાનું વાર્ષિક નિવેદન મણાર લોકશાળાના આચાર્ય શ્રી ડાહ્યાભાઈએ રજૂ કરેલ. શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા અને આવકાર તથા વક્તાશ્રીનો પરિચય આપ્યા બાદ વક્તા લેખક અને શિક્ષણવિદ આ.શ્રી જયેન્દ્રસિંહજી જાદવએ વ્યાખ્યાન રજૂ કર્યું. અંતમાં સંસ્થાના નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટે આભારદર્શન કર્યું. સમગ્ર બેઠકના કાર્યક્રમનું સંચાલન શ્રી કૈલાસબહેને કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સઘળું આયોજન આંબલા તથા મણારના દરેક વિભાગ અને બંને સંસ્થાના વિધાર્થીઓએ મળીને શૈક્ષણિક પ્રોજેક્ટરૂપે સુચારું રીતે કર્યું હતું.

● તા.૧૧ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે ગોપૂજન, ગોવાળ પૂજન તથા ગોશાળા સફાઈનો કાર્યક્રમ પૂર્વ આચાર્ય શ્રી ભાનુભાઈની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.

● તા.૧૪ના રોજ સંસ્થામાં વિધાર્થીઓને ઉત્તરાયણ નિમિત્તે ગોશાળા ખાતે શેરડી લાવી ખવડાવેલ તેમજ બપોર પછી વિધાર્થીઓને પંતગ તથા દોરી આપી પતંગ ઉત્સવ ઉજવવામાં આવેલ.

● તા.૧૫ના રોજ જયપુર રાજેસ્થાનથી સામાજિક કાર્યકર શ્રી શુભમ શર્માજી તથા તેની સંસ્થાના સાત કાર્યકરો સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● તા.૨૬ના રોજ ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ગામની સરકારી પ્રાથમિકશાળાના પટાંગણમાં મોજીલીશાળા,

લોકશાળા તથા સરકારી પ્રા.શાળાના વિધાર્થીઓ, કાર્યકરોની હાજરીમાં હરખભેર યોજાઈ ગઈ.

● તા.૨૬ના રોજ ૭૭માં પ્રજાસત્તાકદિન ભાવનગર જિલ્લાકક્ષાના ઉજવણી વલ્લભીપુર ખાતે સંપન્ન થયેલ, તેમાં મોજીલીશાળાના વિદ્યાર્થીઓ રાસ તથા લેજીમ રજૂ કર્યા હતા.

● તા.૨૮ના રોજ સંસ્થાના શુભેચ્છક અને ગાંધીવિચારના પ્રચારક,તપોવન સંસ્થા-ફ્રાંસના સ્થાપક શ્રી કિરણભાઈ વ્યાસ અને તેમની ટીમ સંસ્થા પરિચય માટે આવી ગયા.

● તા.૩૧ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ખાતે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા, ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા, ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર તથા માઈધાર સંસ્થાના હિસાબનીશશ્રીઓ,વિભાગીય વડાશ્રીઓ, આચાર્યશ્રીઓની એક મિટિંગ શ્રી અરુણભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, હસમુખભાઈ દેવમુરારિ,શ્રી મેહુલભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં યોજાઈ તેમાં આપણાં સંસ્થાના સી.એ. પી.જી.હેમાણી એન્ડ કંપનીના શ્રી કિશોરભાઈ શાહ, તેમના ભાગીદાર શ્રી નિરવભાઈ પટેલ તેમજ ઇક્રમટેક્સ સલાહકાર શ્રી નિહારભાઈ વોરાએ માર્ગદર્શન પૂરું પડેલ.

● તા.૨૬ના રોજ જામનગર સિવિલ હોસ્પિટલના ડૉ. હાર્દિકભાઈ અને એમની ટીમ ગ્રામદક્ષિણામૂર્તિની પરિચય મુલાકતે આવી ગયા .

● તા.૧૭ના રોજ પાલનપુરની શ્રી પી.કે.મહેતા કૉલેજના બી.એડ.ના તાલીમાર્થીઑ અને કાર્યકરો ડૉ.મહેશકુમાર મકવાણાની સાથે ગ્રામદક્ષિણામૂર્તિની પરિચય મુલાકાતે આવી ગયા.

● ભાવનગરની હાદાનગરની મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો બુનિયાદી શિક્ષણ પધ્ધતિને જોવા સમજવા માટે શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● ડૉ.કેશુભાઈ દેસાઈની સાથે ગુજરાત ગ્રૂપ ઓફ કૉલેજીસ – મોયદના સંચાલક શ્રી ગજેન્દ્રસિંહ રહેવરની સાથે શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

**મણાર સમાચાર**

● શ્રી ડાયાભાઈ ડાંગર તળાજા મુકામે આચાર્યની તાલીમમાં જઈ આવ્યા.

● વિદ્યાર્થિની-બહેનોએ પોશીપૂનમની ઉજવણી કરી.

● ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા-મણારના સંયુક્ત વાર્ષિકોત્સવ નિમિત્તે તા. ૦૯ના રોજ ધોરણ ૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફગણ આંબલા મુકામે જઈ આવ્યા. શ્રી ડાયાભાઈ ડાંગરએ વર્ષ ૨૦૨૫- ૨૬માં લોકશાળા મણારનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો. સાથોસાથ સહુએ લોકભારતીની મુલાકાત લીધી.

● શ્રી કંચનબેનના મોટાભાઈ શ્રી માલજીભાઈનું અવસાન થતા પ્રાર્થનાસભા યોજી સદગતને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી .

● તા. ૧૪ના રોજ મકરસંક્રાંતિ નિમિત્તે ગોશાળા સફાઈ, ગાયોને નીરણ કરવામાં આવી. તેમજ ગોપૂજન કરી સહુએ સાથે શેરડી, ચીકી અને બોરખાવાની મોજ માણી.

● તા. ૧૬ ના રોજ એન.સી.સી. યુનિટની સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પદયાત્રા યોજાઈ.

● તા. ૨૦ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટનો પરિવાર તથા અન્ય મહેમાનો વડોદરાથી સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● વિકસિત ભારતના સંકલ્પ ૨૬ જાન્યુઆરી ૭૭માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. અલંગથી પધારેલ શ્રી રવિરાજસિંહ ગોહિલના હસ્તે ધ્વજવંદન કર્યું. અન્ય મહેમાનો જાંબુચા ભરતભાઈ- ઉપસરપંચ તેમજ ગ્રામજનો પ્રા.શાળા સંસ્થા પરિવાર વગેરે પણ જોડાયો.

● શેઢા પાડોશી ચૌહાણ વશરામભાઈની વાડીએ સમગ્ર શાળા પરિવારને સમૂહભોજન કરાવવામાં આવ્યું.

● તા. ૩૦ના રોજ ગાંધીનિર્વાણદિન-શહીદદિન નિમિત્તે પ્રાર્થનાસભા યોજી બે મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.

**માઈધાર સમાચાર**

● તા. ૨ થી ૮ દરમિયાન સરકારી વિનયન કૉલેજ, તળાજા દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) દ્વારા 'ગ્લોબલ વોર્મિંગ' વિષય પર સાત દિવસીય શિબિર યોજાઈ ગઈ. વિષય આધારિત અલગ અલગ પ્રવૃત્તિઓ અને સંવાદ યોજવામાં આવ્યા. જે અંતર્ગત ડૉ.ભરતસિંહ ગોહિલ, ડૉ.મનીષાબેન શાહ, ડૉ.અરુણભાઈ દવે, હસમુખભાઈ દેવમુરારિ, ધરતીબેન જોગરાણા, મનહરભાઈ ઠાકર, ભાવનાબેન પાઠક, પાતુભાઈ આહિર, નિર્મળભાઈ પરમાર, મોજીલું શિક્ષણ, આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના કાર્યકરો દ્વારા અલગ અલગ પ્રવૃત્તિઓ અને વ્યાખ્યાનો કરાવવામાં આવ્યા. આ શિબિરનાં સંયોજક ડૉ.ભારદ્વાજભાઈ વ્યાસ, ડૉ.નાગજીભાઈ ભાલિયા, શ્રી પૂર્વીબહેન હતાં.

● તા. ૦૯ અને ૧૦ રાજસૌભાગ સત્સંગ મંડળ પ્રેરિત પ્રેમની પરબ કાર્યક્રમ અંતર્ગત બે દિવસીય શિબિર યોજાઈ ગઈ. શ્રી ચન્દ્રકાંતભાઈ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સેતુ સધાયો.

● તા.૧૨નાં રોજ આલ્ફા વિદ્યાસંકુલના વાર્ષિકોત્સવમાં શ્રી પાતુભાઈ અને શ્રી નિર્મળભાઈ જઈ આવ્યા.

● તા. ૨૦નાં રોજ શ્રી ટી.એસ.જોષી સાહેબ પરિવાર સાથે માઈધાર કેન્દ્રમાં આવી ગયાં અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

● તા.૨૧નાં રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ પરિવાર તેમજ શ્રી અશોકભાઈ વિદ્વાંસ પરિવાર માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૨૩ના રોજ વસંતપંચમી નિમિત્તે શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા પ્રાર્થના અનુસંધાને સંવાદ કરવામાં આવ્યો.

● તા. ૨૬ના રોજ રાષ્ટ્રધ્વજ વંદન કાર્યક્રમ પ્રાથમિક શાળામાં યોજાયો અને બપોર બાદ 'કોન બનેગા નોલેજ પતિ' કાર્યક્રમ યોજાયો. જેમાં ધોરણ મુજબ પાંચ-પાંચ વિદ્યાર્થી પ્રતિનિધિ આ રમત રમવા માટે જોડાયા અને બાકીના વિદ્યાર્થીઓ પ્રોત્સાહક તરીકે જોડાયા હતા.

● તા.૧૪ અને ૨૯ના રોજ શ્રી અરુણભાઈ દવે માઈધાર કેન્દ્રમાં આવી ગયા.

● તા.૨૯નાં રોજ નીતિનભાઈ પંચોળી મહેમાનોને લઈને માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૩૧ના રોજ સાહસ દોડ કાર્યક્રમ યોજાયો. માઈધાર ગામના વતની ભૂમિબેન પ્રવીણભાઈ પરમાર દ્વારા લીલી ઝંડી આપી દોડ પ્રસ્થાન કરાવવામાં આવ્યું.. આ દોડ ૫.૫ કિલોમીટરનાં અંતરે આવેલ વાવવાળા હનુમાનજીધામ સુધી રાખવામાં આવી હતી.. પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરે આવનાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોને મહેમાનો દ્વારા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આવેલ મહેમાનો દ્વારા પ્રાસંગિક વાત કરવામાં આવી. જેમાં મેહુલભાઈ ડાંગર - પ્રમુખ શ્રી તળાજા તાલુકા ભાજપ, શ્રી નિખિલભાઈ પંડ્યા - પોલીસ કર્મચારી, મિહિરભાઈ પનોત -પોલીસ કર્મચારી, પોપટભાઈ માલધારી, મુખ્ય મહેમાન ક્રિપાલભાઈ ડાંગર દ્વારા રમત-ગમત અંગે વાતો કરવામાં આવી. આજુબાજુ ગામના સરપંચ પ્રતિનિધિ ભદ્રાવળ ૩ થી સુરેશભાઈ હુંબલ, માંડવાળીથી ઘનશ્યામભાઈ ખમળ, પીંગલી, ભદ્રાવળ ૧, માઈધરના સરપંચ પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. પાતુભાઈ આહિર દ્વારા આવકાર આપવામાં આવેલ. નિર્મળભાઈ પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી. શબ્બીરભાઈ સુખ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. કાર્યક્રમ સંયોજક તરીકે સંજયભાઈ ડોડિયા અને જગદીશભાઈ ડાંગર રહ્યા હતા. લોકવિદ્યાલય માઈધારના સમગ્ર કાર્યકરો ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં જોડાયા હતા.

વિશ્વ શાંતિ માટેના અહિંસા અને મૈત્રીના આધ્યાત્મિક કર્મદૂતોને તૈયાર કરવા માટેનો એકવર્ષીય તાલીમી કાર્યક્રમ(RAAM)નો
દિલ્લી ખાતે યોજાયેલ રામકથાની નિશ્રામાં પૂ. મોરારિબાપુ અને આ. શ્રી લોકેશજીના વરદ્ હસ્તે થયેલો શુભારંભ.






કેન્દ્રીય મંત્રીશ્રી માન. મનસુખભાઈ માંડવિયા અને માન. શ્રી ધર્મેન્દ્ર પ્રધાનજી સાથે યોજાયેલ શુભેચ્છા મુલાકાત.





## સન્માનિત થતી 'લોકદક્ષિણામૂર્તિ'



ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના કાર્યકર
શ્રી રવિભાઈ પંડ્યાની દીકરી
પ્રાત્વી પંડ્યાની તેજસ્વિતાના આધારે
તેની ૯ વર્ષની શૈક્ષણિક અને હોસ્ટેલ ફી માફ
કરી પ્રોત્સાહિત કરતા ગણપત
યુનિવર્સિટીના સ્થાપક ટ્રસ્ટી શ્રી ગણપતભાઈ પટેલ.




લોકભારતીના કાર્યકર
શ્રી છગનભાઈ જાંબુચાના ધર્મપત્ની
શ્રી મંજુબહેનને કુટિર અને ગ્રામોદ્યોગ,
ગુજરાત સરકાર તરફથી
હસ્તકલા માટે એવોર્ડ આપી
સન્માનિત કરવામાં આવ્યાં.



ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના કાર્યકર
શ્રી દીપકભાઈ પંડ્યાની દીકરી
ભક્તિ પંડ્યાને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા
રાજ્યપાલશ્રીના હસ્તે સમાજમાં વિશિષ્ટ સામાજિક
કાર્યો માટે સન્માનિત કરવામાં આવી.




TO.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-